**સુવિચાર**

વ્યકિતનું વ્યકિતત્વ જેટલું સમૃધ્ધ અને સમર્પણશીલ હશે તેટલો જ તેને આદર મળવાનો. વ્યકિતની નહી વ્યકિતત્વની (ગુણની) પૂજા થવી જોઈએ.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૨/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર વદ-૪ વર્ષ : ૧૬ અંક : ૦૦૬



પથરી - પ્રોસ્ટેટ કીડનીની તકલીફ ?
નિઃશુલ્ક માર્ગદર્શન
તારીખ : ૧૯-૧૨-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦


## જનતા જો જાગે તો નાની-મોટી સમસ્યાનો ચપટીમાં ઉકેલ મળે તે નક્કી

# અંતે અયોધ્યા એપાર્ટમેન્ટમાં ચાલતા "સ્પા" સામે મહિલાઓ રણચંડી બની

છેલ્લા ૨ મહિનાથી કરાતી રજૂઆત નિષ્ફળ રહેતા અંતે મહિલાઓ સક્રીય બની

સવારનાં સમયે જ ગેરકાયદેસર રીતે ધમધમતા "સ્પા" સેન્ટર બંધ કરાવી દેવાયા

અયોધ્યા એપાર્ટમેન્ટ સામે આવેલ એક હોટેલ પણ વિવાદનું કેન્દ્ર બની

જિલ્લાની તમામ જનતા અવનવી સમસ્યાને લઈને જાગૃત બને તો તંત્ર કામ કરવા મજબૂર બને



અમરેલી, તા. ૧૮
અમરેલીનાં કેરિયારોડ બાયપાસ નજીક આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટમાં છેલ્લા ઘણા મહિનાઓથી ગેરકાયદેસર રીતે ધમધમતા "સ્પા" સેન્ટર ઉપર એપાર્ટમેન્ટની મહિલાઓએ રણચંડી બનીને હલ્લાબોલ કરતાં

અનુસંધાન પાના ૬ ઉપર

## નવનિયુકત એસપી સંજય ખરાતની તાકીદ

# અમરેલી જિલ્લામાં કોઈપણ સ્થળોએ ગેરકાયદેસર રીતે થતી પ્રવૃત્તિ ચલાવી નહી લેવાય

### ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે જાણકારી આપવા અનુરોધ કર્યો

અમરેલી, તા. ૧૮
અમરેલીના કેરીયા રોડ નજીક બાયપાસ રોડ ઉપર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટમાં બનાવાયેલ ગેરકાયદેસર દુકાનોમાં "સ્પા"ના નામે ચાલતા ધંધા સામે એપાર્ટમેન્ટના રહીશો,



મહિલાઓ છેલ્લા બે દિવસથી મેદાનમાં આવેલ છે. ત્યારે વહીવટીતંત્ર દ્વારા કોઈ પગલાં નહીં ભરતાં ગઈકાલે પાલિકામાં ધરણા કર્યા બાદ આજે ફરીથી ગેરકાયદે "સ્પા" ધમધમતા થતાં એપાર્ટમેન્ટમાં રહેતી મહિલાઓએ સવારથી જ રણચંડી બની આ "સ્પા" ના બોર્ડને ઉતારી સળગાવી દેતા પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

ત્યારબાદ આ અંગે જિલ્લા પોલીસવડા સંજય ખરાતે આ અંગે

અનુસંધાન પાના ૬ ઉપર


ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૮/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ
બારે માસ ભરવાલાયક
સ્વાદ અને તંદુરસ્તી માટે...
11
ડબલ વન સીંગતેલ
શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૬૫ ૬૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૯, ૨૨૦૨૬૦
હરેશભાઇ : ૯૮૭૯૫ ૯૮૨૯૩

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત વિનામૂલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા. ૧૬-૧૨-૨૦૨૪ થી તા. ૨૧-૧૨-૨૦૨૪

કાયચિકિત્સા વિભાગ
ડાયાબીટીસ, થાઈરોડ, લીવરની તકલીફ, કીડનીના રોગોની સારવાર સોરીયાસીસ, (IBS), ખીલ, સફેદ દાગ (કોઢ), જુદા જુદા મસા, વારંવાર થતા ગુમડાની સારવાર, ખોડો, એલર્જી જેવા રોગોની સર્વ શ્રેષ્ઠ સારવાર

સ્ત્રીરોગ વિભાગ
સ્ત્રીઓના પ્રસુતિ તથા નિઃસંતાનપણુ, જાતીય નબળાઈ, સ્ત્રીઓની માસિક-સબંધી તકલીફો તેમજ શરીર ધોવાવું, ગર્ભ સંસ્કાર તથા ગુપ્ત રોગોની સર્વશ્રેષ્ઠ સારવાર

બાળરોગ વિભાગ

શાલક્ય વિભાગ

શલ્ય વિભાગ
કપાસીનો સચોટ ઈલાજ, હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસૂત્રથી ઓપરેશન તથા સારવાર રાહતદરે

આયુર્વેદિક પંચકર્મ વિભાગ
ગાદીનો ઘસારો, પક્ષઘાત, માથુ દુઃખવું, ગાઉટ (ગઠીયો વા), ઉંઘ ન આવવી, માનસિક તણાવ, ઓબેસીટી, વાળ ખરવા, ખીલ વગેરે રોગોની પંચકર્મની સારવાર

પેરાલીસીસ, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર
- પંચકર્મ સારવાર - વિરેચન - બસ્તિનસ્ય - શિરોધારા - શિરોબસ્તિ - પિંડ સ્વેદન - અભ્યંગ સ્વેદન - સાંધાના દુઃખાવા - સાઈટીકા - સ્નાયુના દુઃખાવા - અગ્નિકર્મ દ્વારા સારવાર....
સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ-અમરેલી
(ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ - ૨૨૪૫૨૫
દવા તદ્દન ફ્રી આપવામાં આવશે

### રાનીપશુઓથી ફફડાટનો માહોલ

# નાના લીલીયાનાં ઉપસરપંચની વાડીમાં દીપડાનાં આંટાફેરા

### સરપંચે તાત્કાલિક દીપડાને પાંજરે પુરવા માંગ કરી



લીલીયા, તા. ૧૮

લીલીયાવિસ્તારમાંસિંહોનો બહોળો વસવાટ છે જેમની સાથે સાથે દીપડો પણ જોવા મળ્યો છે. નાના લીલીયાના ઉપસરપંચ રણજીતભાઈ ખુમાણના સુર્ય વિલા ફાર્મના સી.સી.ટી.વી. કેમેરામાં દીપડો ટહેલતો કેદ થયો હતો.

ઉપસરપંચે લીલીયા વનવિભાગને જાણ કરતા વનવિભાગ દ્વારા દીપડાને પકડવા પાંજરા મુકવાની કવાયત હાથ ધરવામાં આવી છે. નાના લીલીયા, લોકી, વાઘણીયા વિસ્તારમાં ઘઉં, જીરામાં પીયત આપવા રાત્રી દરમિયાન ખેડૂતો જતા હોવાથી આ વિસ્તારના ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે.

નાના લીલીયા ગ્રામ પંચાયત દ્વારા વનવિભાગને પત્ર લખી આ દીપડાને તાત્કાલિક પકડી પાડવા માંગ પણ કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારીયાદીમાં જણાવેલ છે.

### ગરીબ અને અત્યંત ગરીબો જયાં વસવાટ કરે છે ત્યાં

# અમરેલીની ભાગોળેથી પસાર થતાં બાયપાસ માર્ગ નજીકનાં રહેણાંક વિસ્તારમાં સુવિધા આપ્યા વગર વેરાની ઉઘરાણી

### કોંગ્રેસનાં અનુ.જાતિ વિભાગનાં અગ્રણીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લા કોંગ્રેસ અનુ.જાતી વિભાગનાં ઉપપ્રમુખ માલાભાઈ બથવારે ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી બાયપાસનાં રોકડીયાપરા લીલીયા રોડ આ વિસ્તાર જયારથી અમરેલી નગરપાલિકામાં ભેળવવામાં આવેલ છે ત્યારથી આજદીન સુધી કોઈ સફાઈ કરવા આવેલ નથી. પ્રાથમિક સુવિધા આપ્યા વિના કરવેરા ઉઘરાવી લેવામાં આવે છે. ટ્રીટ લાઈટો એક વર્ષથી બંધ છે. થાંભલા પણ નથી ગટર માટે રોડ ખોદી સી.સી.કોકરેટ કર્યા વિના અધુરા કામો મુકેલ છે. પાણીની પાઈપો ડેમેઝ થયેલ છે. જે કામો અમરેલી નગર પાલિકાને કરવાના હોય એ કામો કરતા નથી. અને પ્રાથમિક સુવિધાઓ આપ્યા વિનાના કરવેરા ફરજીયાત ઉઘરાવવામાં આવશે. આ વિસ્તાર પછાત મજુર વર્ગનો હોય જાણે ઘણી ઘોરી વિનાનો વિસ્તાર હોય એમ કોઈ ધ્યાન દેતા નથી. અને જે પ્રાથમિક સુવિધા અમરેલી નગરપાલિકા દ્વારા આપવામાં આવતી નથી. એના કરવેરા ઉઘરાવી પછાત વર્ગ વિસ્તારના લોકોનું શોષણ થઈ રહ્યું છે. એ બંધ કરવું જોઈએ અથવા એ સુવિધાઓ આપવી જોઈએ. ત્યારે આ બાબતે વહીવટી અધિકારીઓ તપાસ કરે અને સુવિધા આપ્યા વિનાના કરવેરા માફ કરવામાં આવે જે સુવિધાઓ આપવામાં આવતી હોય એ નાજ કરવેરા લેવા જોઈએ અને બીન સુવિધાના કરવેલરા બંધ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### થોડા દિવસો પહેલા બનાવ બન્યા બાદ

# લીલીયામોટા : હરિપર ગામનાં યુવકનું બાથરૂમમાં પડી જવાથી મોત નિપજયુ

### ભાવનગર ખાતે સારવાર દરમિયાન અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૮

લીલીયા તાલુકાના હરીપર ગામે રહેતા વિનુભાઈ મનજીભાઈ દેવાણીના ભત્રીજા હરેશભાઈ ચિમનભાઈ દેવાણીને ગત તા. ૯ સવારના ચારેક વાગ્યે પોતાના ઘરે બાથરૂમમાં પડી જવાથી માથાના ભાગે ઈજા થવાથી પ્રથમ સારવાર માટે અમરેલી ત્યારબાદ વધુ સારવાર માટે બીમ્સ હોસ્પીટલ બાદ વધુ સારવાર માટે તા.૧૩/૧૨ ના રોજ સરટી હોંસ્પીટલ ભાવગનરમાં દાખલ કરેલ જયાં હરેશભાઈનું તા. ૧૬ના રોજ સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સહકારી અગ્રણીઓની ઉપસ્થિતિઓમાં

# અરે વાહ : કુંકાવાવ ખાતે મગફળીની ટેકાનાં ભાવે ખરીદી શરૂ કરવામાં આવી

### ખેડૂતો ઘર આંગણે મગફળીનું વેચાણ કરી શકશે



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૧૮

કુંકાવાવમાં અમરેલી રોડ પર આવેલ ડ્રીમ સીટીના મેદાનમાં તા. ૧૫/૧૨/૨૪થી તાલુકાના ખેડૂતોની મગફળી ટેકાના ભાવની ખરીદી કરવાનું ચાલુ કરવામાં આવતા કુંકાવાવ તેમજ આસપાસના ગામડાનાં ખેડૂતોને હવે ઘર આંગણે વેચાણ કરી શકશે. જેના ખેડૂતોને વાહન ખર્ચ તેમજ સમયમાં રાહત મળતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે આમ માર્કેટયાર્ડ જે રીતે થાય છે. તે રીતે હવે આ સ્થળે ખરીદી કરવામાં આવતા ખેડૂતો હવે દુર દુર બગસરા અમરેલી જવું પડશે નહિ. આ પ્રસંગે અનેક આગેવાનો અશ્વીનભાઈ સાવલીયા, બગસરા યાર્ડના કુંકાવાવ વિસ્તારના ડીરેકટરો બાબભાઈ સખવાલા, જલ્પેશભાઈ મોવલીયા, ગોપાલભાઈ અંટાળા તથા તાલુકાના ભાજપના આગેવાનો સરપંચોની હાજરીમાં ખેડૂતોની મગફળી ટેકાના ભાવથી ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### ગામનાં એક વ્યકિત પાસેથી કબ્જે

# બગસરાનાં નવી હળીયાદ ગામેથી લાયસન્સ વગરનો તમંચો ઝડપાયો

### પીરવડનાં અન્ય એક ઈસમ વિરૂધ્ધ પણ કાર્યવાહી

અમરેલી, તા. ૧૮

બગસરા તાલુકાના નવી હળીયાદ ગામે ગરબી ચોક પાસે રહેતા ગભરૂભાઈ નાનાભાઈ ખાખડીયાએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે હથિયાર પરવાના લાયસન્સ વગર દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) કિંમત રૂા. ૩૦૦૦નો મુદ્દામાલ પોતાના કબ્જામાં રાખી તેમજ વિસાવદર તાલુકાના પીરવડ ગામે રહેતા આરોપી સુરેશભાઈ માણસુરભાઈ હુદડએ હથિયાર આપી જઈ બંન્ને આરોપીઓ સામે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# લીલીયામોટા : બગસરા શરાફી મંડળીના વારસદારને સહાય ચેક અર્પણ




લીલીયા, તા. ૧૮

લીલીયા મોટા ખાતે આવેલ શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી શાખાના સભાસદ કલ્પનાબેન મફતલાલ જોશીનું અવસાન થતાં વારસદાર અજીતભાઈ મફતલાલ જોશી ને બાજપાઈ સહાય નિધિ ૨૫૦૦૦/– નો ચેક અર્પણ કરતા શાખા ના એમ.ડી પરીનભાઈ રાજપુરા ડિરેક્ટર ખોડાભાઈ માલવિયા તથા બ્રાન્ચ મેનેજર ધર્મેન્દ્રભાઈ ગાયજન, સાહીલ સોની સહિત ના કર્મચારીઓની ઉપસ્થિતિમાં સહાય ચેક અર્પણ કરવાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ચીફ ઓફિસરની સુચનાથી કાર્યવાહી

# અમરેલી પાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં ઉપયોગ સામે કાર્યવાહી

### ૭ જેટલા વેપારીઓને દંડિત કરાયા




અમરેલી, તા. ૧૮

અમરેલી નગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં ઉપયોગ સામે વેપારીઓ સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી, જેમાં સાત જેટલા વેપારીઓને દંડ ફટકારવામાં આવેલ હતો.

અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસરની સુચના મુજબ આરોગ્ય શાખાના સેનેટરી ઈન્સપેકટર નાનજીભાઈ ચાવડા, મહેબુબભાઈ ચૌહાણ સહિતના કર્મચારીઓ દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનાં વેચાણ તેમજ ઉપયોગ કરનારા અને પ્રતિબંધિત વિસ્તારમાં તમાકુનું વેચાણ કરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં ગુરૂનાનક ટ્રેડર્સ, સુવિધા પ્લાસ્ટિક, રાજુભાઈ ચિતલીયા, જલારામ પ્લાસ્ટિક, ગોપાલ એજન્સી, ખોડીયાર સેલ્સ, વલ્લભ ટ્રેડર્સ સહિતના વેપારીઓને દંડ ફટકારવામાં આવેલ હતો. તેમજ આવા વેપારીઓ પાસેથી ૨૦ કિલો જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ હતું. આગામી દિવસોમાં શહેરના તમામ વેપારીઓ શોપનું ચેકીંગ હાથ ધરી સરકારનાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ મુજબ રૂા. પાચ હજારનો દંડ ફટકારી પ્લાસ્ટિક જપ્તી, જાહેરમાં કચરો ફેંકવો સહિતની દંડનિય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# બગસરા–દાહોદ બસ છેલ્લા ૧૫ દિવસથી ગેરકાયદેસર રીતે ચાલતા પેસેન્જરમાં નારાજગી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૮

બગસરા એસટી ડેપોમાં અણઘર વહીવટે તો માજા મૂકી છે આને કોઈ કહેવા વાળું છે કે નહીં હાલ નવો કિસ્સો બહાર આવ્યો છે બગસરા દાહોદ સાંજના ૫:૧૫ મિનિટે ઉપડતી બસમાં બગસરા ટીબલાના વિદ્યાર્થીઓને બેસાડીને ગીચોગીચ આ બસનો દરવાજો બંધ ન થાય તેવી પોઝિશન કરી નાખે છે જયારે આ બસ સંપૂર્ણ રીતે ગેરકાયદેસર ચલાવવામાં આવે છે આ બસ વિદ્યાર્થી માટે છે નહીં તેના માટે બગસરા ટીબલા પાણીયાનો ફેરો સ્પેશિયલ મૂકવામાં આવે છે ત્યારે છેલ્લા ૧૫ દિવસથી આ બસ ડેપો મેનેજર દ્વારા શા માટે ગેરકાયદેસર ચલાવવામાં આવે છે જેમાં આખી બસ ઓનલાઈન તથા જીપીઆર સિસ્ટમ વાળી હોવાથી તે બસ બગસરા ડેપોમાંથી અડધી કલાક મોડી ઉપડીને બગસરા થી ટીબલા જાય છે જે આ બસમાં રૂટ આવતો નથી અને આ બસ બધા વિદ્યાર્થીઓને ટીબલા મૂકવા જાય છે પછી અમરેલી પહોંચતા પોણા બે કલાક જેવો સમય લાગી જાય છે ત્યારે અંદર બેઠેલ પેસેન્જર ઓનલાઈન બુકિંગ કરાવેલું હોય અને આગળ પણ બુકિંગ કરાવેલા પેસેન્જર રાહ જોઈ જોઈને થાકી જાય છે ત્યારે વિભાગીય નિયામક દ્વારા આ બસ છેલ્લા ૧૫ દિવસથી ચાલતી હતી તેના માટે તપાસ કરી તાત્કાલિક ધોરણે આ બાબતે પગલા લેવામા નહીં આવે તો ઉચ્ચ કક્ષાએ હર્ષ સંઘવી મિનિસ્ટરને લેખિત પત્રની બગસરાના જાગૃત નાગરિક દ્વારા પ્રેસ મીડિયાને જણાવ્યું છે.

# ભૂરખિયા હનુમાનજી મંદિરે ૮૧મો નેત્રનિદાન કેમ્પ યોજાયો



દામનગર, તા. ૧૮

ભુરખીયા હનુમાનજી મંદિરે રાખવામાં આવેલ ૮૧માં નેત્ર નિદાન કેમ્પનો લાભ લેતા ૧૦૮ દર્દીઓ.૩૬ દર્દીઓને મોતિયોના ઓપરેશન માટે અમરેલી લઈ જવાયા. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર–મુંબઈના આર્થિક સહયોગથી દર મહિનાના ત્રીજા બુધવારે લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી મંદિરે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલી દ્વારા રાખવામાં આવતા વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પમાં આજે બુધવારે ૧૦૮ દર્દીઓની આંખ તપાસવામાં આવેલ. જે પૈકી ૩૬ દર્દીઓને મોતિયોનાં ઓપરેશન માટે અમરેલી લઈ જવાયા છે. અને ૨૬ દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્મા બનાવી અપાયા છે. આવેલ આંખના દર્દીઓએ ડોકટર – ટીમ અને પદાધિકારીઓ અને મંદિર પરિવારનો આભાર માનેલ.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે નારાજગી વ્યકત કરી

# સતાધારનાં મહંત પૂ. વિજયદાસ બાપુ ઉપર પાયા વિહોણા આક્ષેપો લગાવવાનું બંધ કરો

### ગૃહમંત્રી અમિતશાહને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૧૮

સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપદુધાતે ગૃહમંત્રી અમિતશાહને પત્ર પાઠવીને સતાધારનાં મહંત પૂ. વિજયદબાપુ ઉપર પાયા વિહોણા આક્ષેપો કરનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે ગુજરાત ધાર્મિકતા સાથેની લાગણીથી જોડાયેલ રાજય છે, અને સંતોની ભૂમિ છે. ત્યારે સતાધાર એક આસ્થાનું કેન્દ્ર બિદું સમાન છે. તેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના સતાધાર સાથે અમરેલી જિલ્લાની જનતા ધાર્મિકતાની લાગણી સાથે જોડાયેલ છે, ત્યારે સતાધારનું નામ બદનામ થાય ત્યારે દરેક સમાજના લોકોની લાગણી દુભાઈ છે, સતાધારમાં ધાર્મિકતાની સાથે સેવાકીય પ્રવૃતિ પણ થઈ રહી છે.

વધુમાં જણાવેલ છે કે આદિઅનાદી કાળથી સનાતન ધર્મ એ લોકોમાં આસ્થા સ્થાન ધરાવે છે. અને સનાતન ધર્મ સાથે જોડાયેલ બહોળો સમાજ છે. ત્યારે પ.પુ.મહંત વિજયદાસ બાપુ પર પાયા વિહોણા, અને કોઈપણ પુરાવા વગરના ખોટા આરોપો મૂકીને પ.પુ.મહંત વિજયદાસ બાપુ તેમજ સનાતન ધર્મનું અપમાન કરવામાં આવ્યું છે. ત્યારે આ સમગ્ર ઘટનાની સામે સી.બી.આઈ તપાસ કરવામાં આવે અને પૂ.પ.મહંત વિજયદાસ બાપુ સામે ખોટા આરોપો મુકનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તો અન્ય લોકો પણ આવા સનાતન ધર્મને જાળવી રાખનાર સંતો મહંતો સામે આવું ખોટું કૃત્ય કરતા અટકે જેથી ઉપકરોત બાબતે કાયદાકીય અને સી.બી.આઈ.ની તપાસ કરવા અંતમાં માંગ કરેલ છે.

### તંત્રની બેદરકારી કે લાલચે મોંઢે આવેલ કોળિયો ઝુંટવાય રહ્યો છે

# દામનગર : ગરીબ પરિવારોને ઘરનું ઘર આપતી પ્રધાનમંત્રી આવાસ યોજનાની દરખાસ્ત પાંચ વર્ષના લાંબા તુમાર બાદ પરત થતા લાભાર્થીઓમાં નારાજગી

### પાલિકાની ગંભીર બેદરકારીથી ગરીબ પરિવારોને પરેશાન



દામનગર, તા. ૧૮

દામનગર શહેરી વિકાસ વિભાગ ની ''ડ'' વર્ગ ધરાવતી નગરપાલિકામાં વર્ષ ૨૦૧૯ માં ૧૫૦ જેટલા ગરીબ પરિવારો એ પધાન મંત્રી આવાસ યોજના મેનેજર સમક્ષ ઘરના ઘરની ઉજળી આશામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મેળવવા ખૂબ ખર્ચ કરી દરખાસ્તો કરી પાલિકા તંત્ર એ પાંચ વર્ષ સુધી પ્રધાન મંત્રી આવાસ યોજનાની દરખાસ્તોમાં અભિપ્રાય ન આપતા આવકદાખલાઓની મર્યાદા પૂર્ણ થતાં અરજદારો નવા આવકના દાખલાઓ લઈ આવતા પ્રધાન મંત્રી આવાસ યોજનાની દરખાસ્તો પરત કરાય રહી છે ઓનલાઈન દરખાસ્ત કરોની સૂફીયાણી સલાહ અપાય રહી છે.

ગરીબ પરિવારો માટે આશીર્વાદ રૂપ પ્રધાન મંત્રી આવાસ યોજનાનું ઘડતર ખૂબ પુખ્ત વિચારણાના અંતે કરાય છે ગરીબ પરિવારો ઉપકારક યોજનામાં વચેટીયા નાબૂદ કરતી સિસ્ટમથી કોઈ પણ કમ્પ્લીશન વગર ઓનલાઈન ફોટો અપડેટ ઉપર આગળ ના હપ્તાની ચુકવણીનું પ્લેટફોર્મ ધરાવતી યોજનામાં પાલિકા તંત્ર એ અભિપ્રાય આપવામાં પાંચ વર્ષનો સમય કેમ લીધો ? લાભાર્થીઓનો સંપર્ક કરતા ઈજનેરે રેકર્ડ જોઈને આપવાનો હોય કે લાભાર્થી પરિવાર જોઈ ને ? સરકાર દ્વારા નીતિ વિષયક સહાય માટે વર્તમાન વર્ષની આવક ધ્યાને લેવાની હોય છે તેવું પાલિકા તંત્ર જાણતા હોવા છતાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની દરખાસ્તોમાં જોડાયેલ આવક દાખલા વર્ષ ૨૦૧૯ના છે.

પાલિકાતંત્રની ગંભીર ભૂલનો ભોગ ગરીબ પરિવારો કેમ બનાવાય રહ્યા છે પાંચ વર્ષ જેટલો લાંબો 'તુમાર' પાલિકા તંત્ર દ્વારા કરાયેલ હોય તેના સરળીકરણ માટે આવક દાખલા રીન્યુ કરવા ધારાસભ્ય અને સાંસદ સભ્યે ગરીબ પરિવારોની વ્હારે આવવું જોઈ એ સારી યોજના નો અધકચરો અમલ અને અમલ થી બદનામ કરતા તંત્ર સામે કાર્યલોપ હેઠળ કાર્યવાહી કરવી જોઈ એ પાંચ વર્ષ સુધી પાલિકા ના ચીફ ઓફિસર અને ઈજનેરે શુ કર્યુ? પ્રધાનમંત્રી આવાસ ની દરખાસ્ત માં અભિપ્રાય કેમ ન આપ્યા ? શુ અપેક્ષા હતી તંત્ર ની? હવે પાંચ વર્ષે પછી લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ ની દરખાસ્ત પરત કરી ઓનલાઈન કરવા પરત કરવાની સલાહનું કારણ શું ? આવા અનેક સવાલો સાથે ટટળતા ગરીબ પરિવારો કરી રહ્યા છે કોઈ પણ સરકારી કામો માટે નાગરિક અધિકાર પત્રથી કાર્ય નિકાલ સમય મર્યાદાઓ નિર્દિષ્ટ કરાયેલ છે તેમ છતાં વર્ષ ૨૦૧૯ થી ૧૫૦ ગરીબ પરિવારો ની દરખાસ્ત અભિપ્રાય માટે કેમ પડી રહેવા દેવાઈ? તંત્ર સામે કાર્યલોપ ખુલાસો મંગાશે ? ભારે લાચારી વશ ઘરના ઘરની પ્રતીક્ષા ગરીબ પરિવારોને ઘરનું ઘર મળે તે માટે તંત્ર એહકારાત્મક અભિગમથી પાલિકા તંત્ર દ્વારા થયેલ બિનજરૂરી તુમારમાં સરળીકરણ કરી રાહત રૂપ બનવું જોઈ ટલ્લેચડેલ ગરીબ પરિવારોની મદદે ધારાસભ્ય અને સાંસદ સભ્યે અંગત રસ લઈ યોગ્ય કાર્યવાહી કરવા બુલંદ માંગ ઉઠી રહી છે.

## દિવસ–રાત પાલિકાની કોન્ટ્રાકટ એજન્સી દ્વારા સ્વચ્છતા અભિયાન

# ભૈ વાહ : અમરેલીનાં રાજમાર્ગો ઉપરથી ગંદકી ગાયબ

દાયકાઓ બાદ શહેરનાં મહત્વનાં અને રહેણાંક વિસ્તારનાં માર્ગો ચકાચક જોવા મળી રહ્યા છે

શહેરમાં અનેક સમસ્યાઓ વચ્ચે સફાઈ કામગીરી પ્રશંસાપાત્ર બની છે

ચિતલ રોડ, વરસડા રોડ, નાગનાથ ચોક, રાજમહેલ કેમ્પસ સહિતનાં વિસ્તારો સ્વચ્છ બન્યા

શહેરમાંથી બંધ સ્ટ્રીટલાઈટ અને રખડતા પશુઓની સમસ્યા દૂર થાય તો સોનામાં સુંગધ ભળે



અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરમાં છેલ્લા ૩–૪ મહિનાથી સ્વચ્છતા અભિયાનની કામગીરી સારી રીતે થતી જોવા મળી રહી છે. શહેરનાં તમામ રાજમાર્ગો ઉપર દિવસ–રાત સફાઈની કામગીરી થતાં રાજમાર્ગો ચકાચક જોવા મળી રહ્યા છે.

અમરેલી પાલિકાનાં શાસકો શહેરમાં ૬૦૦થી ૭૦૦ જેટલી બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવામાં, દરરોજ પીવાનું પાણી આપવામાં, રખડતા પશુઓની સમસ્યાથી છુટકારો આપવા અને જાહેર માર્ગો પરનું દબાણ દુર કરવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. પરંતુ પાલિકા દ્વારા સફાઈની કામગીરીનો કોન્ટ્રાકટ યોગ્ય એજન્સીને અપાતાં શહેરમાં સફાઈની કામગીરી યોગ્ય રીતે થતાં શહેરીજનોમાં એકમાત્ર કામગીરીની પ્રશંસા થતી જોવા મળી રહી છે.

### ચાલુ સિઝનમાં પુનઃ સિંગલ ડિઝિટમાં તાપમાન નોંધાયુ

## અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ૯.૮ ડીગ્રી : સામાન્ય જીવન અસ્ત વ્યસ્ત

### સાંજ પડતા જ ઠંડી શરૂ થતાં દુકાનો ટપોટપ બંધ

અમરેલી, તા. ૧૮

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી કોલ્ડવેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યારે આજે વ્હેલી સવારે અમરેલી જિલ્લામાં ચાલું સિઝનમાં ફરી એક વખત સિંગલ ડિઝિટમાં અમરેલી ૯.૮ ડિગ્રી જેટલું નીચું તાપમાન તાપમાન નોંધાયું છે.

અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા ઘણાં દિવસથી ભારે ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે આજે સવારે શહેરના મુખ્ય માર્ગો મોડે સુધી સૂમસામ જોવા મળતા હતા. ત્યારે સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી ગરમ કપડામાં ઢબુરાઈને સ્કૂલે જતાં જોવા મળતા હતા. જયારે મોર્નિંગ વોકમાં નીકળતા લોકો પણ ઠંડીના કારણે ઓછા જોવા મળી રહયા હતા.

ગઈકાલ દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા. ત્યારે આજે અમરેલી ખાતે મહત્તમ તાપમાન ૩૦.૨ લઘુત્તમ તાપમાન ૯.૮ ભેજનું પ્રમાણ ૭૦ ટકા અને પવનની ગતિ ૪.૯ કિ.મી. નોંધાયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ પહેલાં પણ અમરેલીનું તાપમાન ૯.૬ ડિગ્રી જેટલું નોંધાયા બાદ આજે ફરી એક વખત લઘુત્તમ તાપમાન ૯.૮ નોંધાયું છે.

### મહુવાનાં બે ઈસમો વિરૂદ્ધ કાર્યવાહી

## રાજુલાનાં વીકટર ગામ નજીકથી ઓટો રીક્ષામાંથી વિદેશી બનાવટનો દારૂ ઝડપાયો

### પોલીસે રૂપિયા ૭૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૧૮

મહુવા ગામે આવેલ ઈન્દીરાનગર મંગળમુર્તી પાછળ રહેતા રસીકભાઈ લાભુભાઈ બાંભણીયા નામનાં ૩૦ વર્ષિય ડ્રાઈવરે પોતાના હવાલાની ઓટો રીક્ષા નં. જી.જે.–૦૫ સીટી–૧૬૬૨ માં તે જ ગામે રહેતા રૂત્વીકભાઈ સંજયભાઈ સાંખટ સહિતના બન્ને આરોપીઓએ ભેગા મળી રાજુલાના વીકટર ચેક પોસ્ટ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કાચની રીંગપેક બોટલ નંગ–૨ કિંમત રૂપિયા ૫૪૬નો તથા બીયર ૫૦૦ એમએલ લખેલ રીંગપેક ટીન નંગ–૨ કિંમત રૂપિયા ૨૮૪ તેમજ રીંગપેક પ્લાસ્ટીકની બોટલ નંગ–૧૦ કિંમત રૂપિયા ૮૮૦ તથા ૧૮૦ એમએલ લખેલ રીંગપેક પ્લાસ્ટીકની બોટલ કુલ નંગ–૨૦ કિંમત રૂપિયા ૧૮૦૦ તથા એક ઓટો રીક્ષા કિંમત રૂા. ૭૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭૩,૫૧૦ના મુદામાલની હેરાફેરી કરતા બંને ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ – તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ – અમરેલી















### કોંગ્રેસ નિમ્ન સ્તરની રાજનીતિ કરી રહી છે : બીજેપી

# ડો. આંબેડકર અંગે અમિત શાહના નિવેદન ઉપર રાજકીય વિવાદ

## વિપક્ષી પાર્ટીઓ અને કોંગ્રેસ હવે અમિત શાહ અને કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતા જોવા મળી રહ્યા છે

નવી દિલ્હી, તા. ૧૮

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મંગળવારે રાજ્યસભામાં તેમના સંબોધન દરમિયાન ડૉ. બી.આર.આંબેડકર પર ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણીના કારણે વિપક્ષી પાર્ટીઓ અને ખાસ કરીને કોંગ્રેસ હવે અમિત શાહ અને કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતા જોવા મળી રહ્યા છે. અમિત શાહની ટિપ્પણી અંગે કોંગ્રેસે કહ્યું છે કે, ગૃહમંત્રી પર બંધારણના નિર્માતા ડૉ.આંબેડકરનું અપમાન કરવાનો આરોપ છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ વિપક્ષી પાર્ટીઓ પર કેન્દ્રીય ગૃહમંત્રીના સંબોધનના કેટલાક ભાગોને કાપીને વીડિયોને સર્ક્યુલેટ કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપનું કહેવું છે કે, કોંગ્રેસ હવે નિમ્ન સ્તરની રાજનીતિ કરી રહી છે. બીજી તરફ આજે બુધવારે સંસદના શિયાળુ સત્ર દરમિયાન વિપક્ષી સાંસદોએ ડૉ. બી.આર.આંબેડકરની તસવીરો લીધી અને ગૃહમંત્રીની માફીની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. મહત્ત્વપૂર્ણ છે કે, અમિત શાહે મંગળવારે બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર ચર્ચા દરમિયાન ગૃહને સંબોધિત કર્યું હતું. આ દરમિયાન અમિત શાહે કહ્યું કે, ડૉ. બી.આર.આંબેડકરનું નામ લેવું હવે એક 'ફેશન' બની ગયું છે. હવે આ એક ફેશન બની ગઈ છેઃ આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર. જો તમે ભગવાનનું આટલું નામ લીધું હોત, તો તમે સાત જન્મો માટે સ્વર્ગમાં ગયા હોત.

૧૦૦ વખત નામ લો, પરંતુ હું કહેવા માંગુ છું કે તેમના વિશે તમારી શું લાગણી છે, તે વધુ મહત્ત્વપૂર્ણ છે. ઉલ્લેખનીય છે કે, જવાહરલાલ નેહરુની આગેવાની હેઠળની સરકાર સાથે મતભેદ થયા બાદ ડૉ. બી.આર.આંબેડકરને પહેલી કેબિનેટમાંથી રાજીનામું આપવું પડ્યું હતું. શાહે વધુમાં કહ્યું કે, ડૉ.આંબેડકરે ઘણી વખત કહ્યું છે કે તેઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સાથેના વ્યવહારથી સંતુષ્ટ નથી. બી.આર.આંબેડકર પણ આર્ટીકલ ૩૭૦ પર સરકારની નીતિ અને તેના વલણથી નારાજ હતા. તેઓ પદ છોડવા માગતા હતા, પરંતુ તેમને આશ્વાસન આપવામાં આવ્યું હતું અને જ્યારે ખાતરી પૂરી ન થઈ ત્યારે તેમણે રાજીનામું આપી દીધું હતું.

બાદમાં કોંગ્રેસે અમિત શાહની આ ટિપ્પણીની આકરી ટીકા કરી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નામ લીધા વિના કહ્યું કે, મનુસ્મૃતિનું પાલન કરનારા સ્વાભાવિક રીતે આંબેડકરથી નારાજ હશે. તે જ સમયે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમિત શાહે બી.આર.આંબેડકર વિશે જે પણ કહ્યું છે તેનાથી ફરી એકવાર સાબિત થઈ ગયું છે કે ભાજપ અને RSS "તિરંગાની વિરુદ્ધ" હતા અને "અશોકચક્રનો વિરોધ" કરતા હતા. તેઓ બંધારણની જગ્યાએ મનુસ્મૃતિને લાગુ કરવા માંગતા હતા. બાબા સાહેબ આંબેડકરે આવું થવા દીધું નહીં, તેથી જ તેઓ તેમને ખૂબ નફરત કરે છે. મોદી સરકારના મંત્રીઓએ સમજવું જોઈએ કે મારા જેવા કરોડો લોકો માટે બાબા સાહેબ ભગવાનથી ઓછા નથી. તેઓ દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો, લઘુમતીઓ અને ગરીબો માટે મસીહા છે.

### રાજ્યના ૩૩ જિલ્લાના ૭૫૪ કેન્દ્રો પર

# કંડકટરની પરીક્ષાના ઉમેદવારો માટે એસટી નિગમે કર્યુ વિશેષ આયોજન

## પરીક્ષા કેન્દ્રથી રહેઠાણ સુધી આવવા-જવા માટે એસટી બસમા વિના મુલ્યે મુસાફરીનો લાભ આપવાનો નિર્ણય એસટી નિગમ દ્વારા કરવામાં આવ્યો

અમદાવાદ,તા.૧૮

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ૩ની જગ્યા ઉપર ભરતી કરવા માટે પ્રિલિમરી કસોટીનું આયોજન ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૧થી ૧ દરમિયાન રાજ્યના ૩૩ જિલ્લાના ૭૫૪ કેન્દ્રો પર કરવામાં આવ્યુ છે. મોટી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષા આપવા આવશે. ત્યારે એસટી નિગમ દ્વારા પણ આયોજન કરવામાં આવ્યું છેગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૨૨ ડિસેમ્બરના આયોજીત પરીક્ષા દરમિયાન નિગમની સર્વિસ સમયસર સંચાલીત થાય તેમજ પરીક્ષાઓના ટ્રાફિકને ધ્યાને લઈ વધારાની એક્સ્ટ્રા સર્વિસો સંચાલન કરવા તેમજ માર્ગમાં જે તે સ્ટેન્ડ ઉપરથી મુસાફરોને બસમાં લેકી વખતે પરીક્ષાર્થી અગ્રિમતા આપવા નિગમના તમામ વિભાગ અને ડોપોને ખાસ સુચનાઓ આપેલ છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કંડકટર કક્ષાની ઓએમઆર આધારિત લેખિત પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે કરવામાં આવ્યુ છે. ગુજરાતના અલગ અલગ સ્થળોથી કંટકટરની પરિક્ષા આપવા આવતા ફક્ત એસટી અને એસસી ઉમેદવારોને નિગમ દ્વારા રહેઠાણથી પરીક્ષા કેન્દ્ર અને પરિક્ષા કેન્દ્રથી રહેઠાણ સુધી આવવા-જવા માટે એસટી બસમા વિના મુલ્યે મુસાફરીનો લાભ આપવાનો નિર્ણય એસટી નિગમ દ્વારા કરવામાં આવ્યો છે. એસટી નિગમના દ્વારા પોતાના તાબા હેઠળ આવતા તમામ વિભાગો, ડેપો અને સંચાલનમાં રહેલા સ્ટાફને પરીક્ષાના દિવસે ઉમેદવાને કોઈ અગવડતા કે મુશ્કેલીઓ ન થાય તેમજ કોઈ ફરિયાદ ઉપસ્થિત ન થાય તે બાબતે ધ્યાને લઈ તમામ વિભાગોને સુચના આપવામાં આવી છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ૩ અને એસટી નિગમ દ્વારા કાંડક્ટરની પરીક્ષા લેવાના છે ત્યારે પરીક્ષા કેન્દ્રની તૈયારી સાથે સાથે પરીક્ષા કેન્દ્ર સુધી સમય સર પહોંચી જાય તે માટેની તૈયારી પણ કરવામાં આવી છે.

### વિપક્ષના આરોપ પર અમિત શાહે આપ્યો જવાબ

# હું સપનામાં પણ આંબેડકરજીનું અપમાન ન કરી શકું : ગૃહમંત્રી

## કોંગ્રેસે તથ્યોને તોડી મરોડીને રજૂ કર્યા : અમિત શાહ

નવી દિલ્હી, તા.૧૮

બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પર આપેલા નિવેદનને લઈને ચારેય બાજુથી ઘેરાયેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે, કોંગ્રેસે તથ્યોને તોડી મરોડીને રજૂ કર્યા છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસે હંમેશા આંબેડકરને હાંસિયામાં રાખ્યા છે. કોંગ્રેસે તેના નેતાઓને ભારત રત્ન આપ્યું પરંતુ બાબાસાહેબ આંબેડકરને ભારત રત્ન આપ્યું નહીં. હવે કોંગ્રેસ મારા નિવેદનને છેં દ્વારા એડિટ કરીને જનતા સામે રજૂ રહી છે.

અમિત શાહે કહ્યું કે, ગયા અઠવાડિયે લોકસભા અને રાજ્યસભામાં બંધારણના સ્વીકાર કરવાના ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે સંસદમાં બંધારણના નિર્માણ, બંધારણના ઘડવૈયાઓના યોગદાન પર અને બંધારણમાં પ્રસ્તાવિત આદર્શો પર એક ગૌરવપૂર્ણ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચર્ચામાં ૭૫ વર્ષની દેશની ગૌરવ યાત્રા, વિકાસ યાત્રા અને ઉપલબ્ધિઓની પણ ચર્ચા થવાની હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ પાર્ટી પર ગંભીર આરોપ લગાવ્યા હતા. તેમણે કહ્યું કે, બંધારણ, બાબા સાહેબ આંબેડકર અને દેશના લોકતાંત્રિક મૂલ્યો પ્રત્યે કોંગ્રેસનું વલણ હંમેશા બેવડું અને નિંદનીય રહ્યું છે. શાહે કોંગ્રેસ પર તથ્યોને તોડી મરોડીને રજૂ કરવાનો અને લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો છે.

અમિત શાહે કહ્યું કે, સંસદમાં બંધારણના સ્વીકાર કરવાના ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે એક વિશેષ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચર્ચામાં બંધારણના ઘડવૈયાઓના યોગદાન, બંધારણના આદર્શો અને ૭૫ વર્ષની દેશની ગૌરવ યાત્રા, વિકાસ યાત્રા અને ઉપલબ્ધિઓની પણ ચર્ચા થવાની હતી. પરંતુ કોંગ્રેસ આ અવસરનો ઉપયોગ તથ્યોને તોડી મરોડીને રજૂ કર્યા અને ભ્રમ ફેલાવવા માટે કર્યો છે.તેમણે કહ્યું કે, "સંસદ જેવા સર્વોચ્ચ લોકતાંત્રિક મંચ પર ચર્ચા તથ્યો અને સત્ય પર આધારિત હોવી જોઈએ. પરંતુ કોંગ્રેસે આ પ્રસંગે પર પણ તેમની જૂની આદતો છોડી ન હતી અને સત્યને અસત્યનો પોશાક પહેરાવવાનો દૂષિત પ્રયાસ કર્યો હતો." શાહે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે, તેમણે બાબાસાહેબ આંબેડકરનો હંમેશા વિરોધ કર્યો. ગૃહમંત્રીએ કહ્યું કે, બંધારણના નિર્માણ પછી જ્યારે ૧૯૫૧-૫૨ અને ૧૯૫૫માં ચૂંટણીઓ થઈ ત્યારે કોંગ્રેસે આંબેડકરને હરાવવાનો પ્રયાસ કર્યો. તેમણે એમ પણ કહ્યું કે, જ્યાં સુધી કોંગ્રેસ સત્તામાં હતી ત્યાં સુધી બાબાસાહેબના નામ પર કોઈ સ્મારક બનાવવામાં આવ્યું ન હતું. ભાજપ સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં "પંચતીર્થ"નો વિકાસ થયો છે. જેમાં મધ્યપ્રદેશમાં મહુ, નાગપુરમાં દીક્ષાભૂમિ, દિલ્હીમાં રાષ્ટ્રીય સ્મારક, મુંબઈમાં ચૈત્યભૂમિ અને લંડનમાં આંબેડકરનું ઘર સામેલ હતું.

અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસે પોતાને ભારત રત્ન આપવામાં કોઈ કસર છોડી નથી. ૧૯૫૫માં નેહરુજી અને ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીએ પોતાને ભારત રત્ન આપ્યો. પરંતુ, બાબાસાહેબ આંબેડકરને ૧૯૯૦માં ભારત રત્ન મળ્યો, જ્યારે કોંગ્રેસ સત્તામાં ન હતી. ભાજપ સમર્થિત સરકાર હતી જેમણે બાબાસાહેબને આ સન્માન આપ્યું હતું. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસે આંબેડકરની ૧૦૦મી જન્મજયંતિ પણ ઉજવવાની ના પાડી હતી.

શાહે કોંગ્રેસ પર તે પણ આરોપ લગાવ્યો કે, કોંગ્રેસે ઈમરજન્સી લાદીને બંધારણના મૂલ્યોનું ઉલ્લંઘન કરવાનો, ન્યાયતંત્રનું અપમાન કરવાનો અને મહિલાઓના સન્માનની અવગણના કરી છે. તેમણે કહ્યું, "કોંગ્રેસે હંમેશા પોતાના રાજકીય ફાયદા માટે બંધારણ અને લોકતાંત્રિક મૂલ્યોની અવગણના કરી છે. ત્યાં સુધી કે તેમણે સેનાના શહીદો અને દેશની ધરતીનું પણ અપમાન કર્યું છે."

### ૫૪ વર્ષીય યુવા નેતા બંધારણની નકલ લઈને ફર્યા કરે છેઃ અમિત શાહ

# કોંગ્રેસે બંધારણમાં ૫૫ વર્ષમાં ૭૭, ભાજપે ૧૬ વર્ષમાં ૨૨ સુધારા કર્યા

## કોંગ્રેસ પર પ્રહાર કરતાં અમિત શાહે જણાવ્યું હતું કે મોહબ્બત કી દુકાનના ઘણા નારા સાંભળ્યા છે

નવી દિલ્હી, તા.૧૮

રાજ્યસભામાં બંધારણ પરની ચર્ચા દરમિયાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર ગર્ભિત હુમલા કરતાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે પોતાને 'યુવા' કહેતા ૫૪ વર્ષના એક નેતા બંધારણની નકલ લઈને ફરતા રહે છે અને દાવો કરે છે કે સરકાર બંધારણ બદલી નાંખશે. પરંતુ બંધારણમાં સુધારો કરવાની જોગવાઈ બંધારણમાં પણ છે. કોંગ્રેસ હારી ગઈ, કારણ કે લોકોએ શોધી કાઢ્યું હતું કે કોંગ્રેસના નેતા બંધારણની નકલી કોપી લઈને ફરી રહ્યાં છે. અમિત શાહે જણાવ્યું હતું કે ભાજપે દેશમાં ૧૬ વર્ષ શાસન કર્યું છે અને બંધારણમાં ૨૨ સુધારા કર્યા છે, જ્યારે કોંગ્રેસે ૫૫ વર્ષ રાજ કર્યું છે અને બંધારણમાં ૭૭ સુધારા કર્યા છે. આમ ભાજપ કરતાં કોંગ્રેસે બંધારણમાં વધુ સુધારા કર્યા છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકવા કોંગ્રેસે પ્રથમ બંધારણીય સુધારો કર્યો હોવાનો દાવો કરીને ગૃહપ્રધાને જણાવ્યું હતું કે બંધારણમાં પ્રથમ સુધારો ૧૮ જૂન, ૧૯૫૧એ કરવામાં આવ્યો હતો. બંધારણની રચના પછી કોંગ્રેસ પાસે સત્તા પર જતા પહેલા લોકસભાની ચૂંટણીની રાહ જોવા માટે પૂરતી ધીરજ ન હતી. વાણી સ્વાતંત્ર્યને ઘટાડવા માટે કલમ ૧૯૭ ઉમેરવામાં આવી હતી અને તે સમયે જવાહર લાલ નેહરુ વડાપ્રધાન હતાં. ૨૪મો સુધારો તેમની પુત્રી ઈન્દિરા ગાંધીએ કર્યો હતો. ૨૪ નવેમ્બર, ૧૯૭૧ના રોજ સંસદને નાગરિકોના મૂળભૂત હકોમાં કાપ મૂકવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.કોંગ્રેસ પર પ્રહાર કરતાં અમિત શાહે જણાવ્યું હતું કે મોહબ્બત કી દુકાનના ઘણા નારા સાંભળ્યા છે. દરેક ગામમાં દુકાન ખોલવાની મહત્વાકાંક્ષા ધરાવતા લોકોના ઘણા ભાષણો પણ મેં સાંભળ્યા છે. મોહબ્બત એ વેચવાની વસ્તુ નથી. મોહબ્બત એ લાગણી છે, અનુભવવા જેવી વસ્તુ છે. કોંગ્રેસ બંધારણનું સન્માન કેમ નથી કરતી? તેઓ હંમેશા પરિવારવાદ, તુષ્ટિકરણ અને ભ્રષ્ટાચારને સૌથી વધુ મહત્ત્વ આપે છે.

### ત્રણ ટેસ્ટ મેચ બાદ હવે સિરીઝ ૧-૧ની બરાબરી પર

# પાંચમા દિવસ ભારે વરસાદ ચાલુ થતાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની ટેસ્ટ ડ્રો

## ટીમ ઈન્ડિયાને જીત માટે મળ્યો હતો ૨૭૫નો ટાર્ગેટ : ભારતના વિના વિકેટે ૮ રનનો સ્કોર હતો : ટ્રેવિસ હેડને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ અપાયો

બ્રિસ્બેન, તા.૧૮

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફી રમાઈ રહી છે. જેની પહેલી મેચ ભારતે જીતી અને બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ વાપસી કરતા જીતી લેતા સિરીઝ ૧-૧ની બરાબર પર કરી. ત્રીજી ટેસ્ટ મેચ રોમાંચક બની અને આજે પાંચમા દિવસે ભારતે જીતવા માટે ૨૭૫ રન કરવાના હતા. પરંતુ વરસાદ વિલન બન્યો અને ભારતના વિના વિકેટે ૮ રનનો સ્કોર હતો ત્યારે જ રમત અટકાવી દેવાઈ અને ત્યારબાદ ડ્રોમાં પરિણમી. આમ ત્રણ ટેસ્ટ મેચ બાદ હવે સિરીઝ ૧-૧ની બરાબરી પર છે. ભારતનો બીજો દાવ ચાલુ હતો ત્યારે મેચ પહેલા વરસાદના કારણે રોકવામાં આવી. ત્યારબાદ આ મેચને બંને કેપ્ટનોની મંજૂરી મળ્યા બાદ ડ્રો કરવાનો નિર્ણય લેવાયો. જ્યારે મેચ રોકવામાં આવી ત્યારે જયસ્વાલ ૪ રન અને રાહુલ ૪ રન સાથે રમતમાં હતા. ભારતીય ટીમે વિકેટ ગુમાવ્યા વગર ૮ રન કર્યા હતા. આ અગાઉ ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી ઈનિંગ ૭ વિકેટ ગુમાવીને ૮૯ રન કરી દાવ ડિકલેર કર્યો. આમ અગાઉની લીડ સાથે ભારતને ૨૭૫ રનનો ટાર્ગેટ જીતવા માટે મળ્યો હતો. જે તેણે ૫૪ ઓવર્સ (મિનિમમ)માં પૂરો કરવાનો હતો. ભારતીય ટીમ પહેલી ઈનિંગમાં ૨૬૦ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ પોતાની પહેલી ઈનિંગમાં ૪૪૫ રન કર્યા હતા. આ અગાઉ ભારતીય ટીમ પહેલી ઈનિંગમાં માત્ર ૨૬૦ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આમ ઓસ્ટ્રેલિયાને પહેલી ઈનિંગના આધારે ૧૮૫ રનની લીડ મળી હતી. આ મેચમાં ભારતીય ટોપ ઓર્ડર સાવ નિષ્ફળ રરહ્યો. એક પછી એક બેટ્સમેન પેવેલિયન ભેગા થતા જોવા મળ્યા. ભારત તરફથી કે એલ રાહુલ ૮૪ રન અને રવિન્દ્ર જાડેજા ૭૭ રનથી શાન જાળવી શક્યા. ઓસ્ટ્રિલયા તરફથી કેપ્ટન પેટ કમિન્સે ભારતની પહેલી ઈનિંગમાં સૌથી વધુ ૪ વિકેટ લીધી. સ્ટાર્કને ૩, જોશ હેઝલવુડ, નાથન લાયન અને ટ્રેવિસ હેડને ૧-૧ વિકેટ મળી હતી. છેલ્લે છેલ્લે ભારતીય ટીમના આકાશ દીપ અને જસપ્રીત બુમરાહે ફોલોઓન ટાળવામાં મદદ કરી હતી. બંનેએ મળીને દસમી વિકેટ માટે ૪૭ રન કર્યા અને ૨૪૬ રનનો ફોલોઓનનો આંકડો પાર કરાવી દીધો. BGT સિરીઝની પહેલી મેચ પર્થમાં રમાઈ હતી જેમાં ભારતે ૨૯૫ રનથી જીત મેળવી હતી. જ્યારે ત્યારબાદ એડિલેડમાં રમાયેલી બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૧૦ વિકેટથી જીત મેળવી હતી. આમ જોઈએ તો ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બ્રિસ્બેન ગાબા મેદાન પર આ પહેલા સાત ટેસ્ટ રમાઈ ગઈ. આ દરમિયાન ભારતીય ટીમે ૫ મેચમાં હારનો સામનો કરવો પડ્યો જ્યારે એક મેચ ડ્રો પણ ગઈ. ગાબામાં એકમાત્ર જીત જાન્યુઆરી ૨૦૨૧માં મળી હતી. ત્યારે અજિંક્ય રહાણેના નેતૃત્વ હેઠળ ઓસ્ટ્રેલિયાને ૩ વિકેટથી હરાવ્યું હતું.

### લોકસભાના અધ્યક્ષ જેપીસીની રચના કરશે

# વન નેશનલ વન ઈલેક્શન માટેની જેપીસીમાં પ્રિયંકા ગાંધી સામેલ

## કોંગ્રેસ તરફથી મનીષ તિવારી, પ્રિયંકા ગાંધી, સુખદેવ ભગત અને રણદીપ સુરજેવાલાનું નામ ફાઈનલ કરાયું

નવી દિલ્હી, તા.૧૮

'એક દેશ, એક ચૂંટણી' એટલે કે 'વન નેશન, વન ઈલેક્શન' બિલ ગઈકાલે (૧૭ ડિસેમ્બર) લોકસભામાં રજૂ કરાયું હતું. આ બિલને બંધારણ (૧૨૯મો સુધારો) બિલ ૨૦૨૪' નામ આપવામાં આવ્યું છે. હવે આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવામાં આવ્યું છે. લોકસભાના અધ્યક્ષ જેપીસીની રચના કરશે, જેમાં કોંગ્રેસના ચાર નેતા પણ સામેલ હશે. કોંગ્રેસે આ નામો ફાઈનલ કરી લોકસભા અધ્યક્ષને મોકલી દીધા છે. સમિતિમાં રાજ્યસભા અને લોકસભાના સભ્યો સામેલ હશે અને તેઓ કોઈપણ મુદ્દા અથવા બિલની સંપૂર્ણ સમીક્ષાનો રિપોર્ટ તૈયાર કરશે. ત્યારબાદ તેને સરકાર સમક્ષ મોકલાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ તરફથી સંયુક્ત સંસદીય સમિતિમાં સામેલ કરવા માટે મનીષ તિવારી, પ્રિયંકા ગાંધી, સુખદેવ ભગત અને રણદીપ સુરજેવાલાનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે. એટલે કે આ નેતાઓ વન નેશન, વન ઈલેક્શન અંગેની બાબતો જેપીસીમાં રજુ કરશે. મનીષ તિવારી અને રણદીપ સુરજેવાલા વકીલ છે, જ્યારે સુખદેવ ભગત આદિવાસી નેતા તરીકે ઓળખાય છે. પ્રિયંકા ગાંધી મહિલાઓનું નેતૃત્વ કરશે. ઈન્ડિ ગઠબંધનમાં સામેલ દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) તરફથી જેપીસીમાં પી.વિલ્સનને તક મળવાની સંભાવના છે. વિલ્સમ જાણિતા વકીલ છે. આ ઉપરાંત ડીએમકે સાંસદ ટી.સેલ્વાગેથીનું નામ પણ અધ્યક્ષ સમક્ષ મોકલી શકે છે. સમાજવાદી પાર્ટી તરફથી સાંસદ ધર્મેન્દ્ર યાદવ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) તરફથી કલ્યાણ બેનરજી અને સાકેત ગોખલેની પણ જેપીસીમાં સામેલ થવાની સંભાવના છે. જેપીસીમાં કેટલા સભ્યોને સામેલ કરી શકાય છે, તે અંગે લોકસભા અધ્યક્ષ નિર્ણય કરે છે. કમિટીમાં રાજ્યસભા અને લોકસભા બંનેના સભ્યોને સામેલ કરવામાં આવે છે. સામાન્ય રીતે રાજ્યસભાના સભ્યોની સરખામણીમાં લોકસભાના સભ્યો આમાં વધુ હોય છે. કેન્દ્ર સરકાર જેપીસીના રિપોર્ટના આધારે સંશોધિત બિલ ગૃહમાં રજુ કરે છે. વન નેશન-વન ઈલેક્શન બિલ એ બંધારણીય સુધારો છે અને તેના માટે સરકારને વિશેષ બહુમતીની જરૂર છે. તેથી જ કેન્દ્ર સરકાર જેપીસીની મદદથી સર્વસંમતિ બનાવવાની કવાયતમાં લાગી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, લોકસભામાં ગઈકાલે (૧૭ ડિસેમ્બર) 'વન નેશન, વન ઈલેક્શન' બિલ રજૂ કરાયું હતું. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ આ બિલને ગૃહમાં રજૂ કરતાં જ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસ સહિતના પક્ષોએ જોરદાર હોબાળો કર્યો હતો. બીજી તરફ, નીતિશ કુમાર, ચંદ્રાબાબુ નાયડુ અને વાયએસઆરસીપીના જગન મોહન રેડ્ડીએ આ બિલને ટેકો જાહેર કર્યો હતો. અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું હતું કે, બિલની તરફેણમાં ૨૬૯ મત અને વિરોધમાં ૧૯૮ મત પડ્યા છે.

### ઠંડી વધવાની આગાહી, નલિયા ૬.૫ ડિગ્રી તાપમાન

# સિઝનમાં પહેલીવાર અમદાવાદ ૧૧.૮ ડિગ્રી સાથે ઠુંઠવાયું

## દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા ઠંડીનું જોર ઘટશે

અમદાવાદ, તા.૧૮

શિયાળાની ઋતુ મોડે મોડે પરંતુ હવે બરાબર જામી છે ત્યારે સમગ્ર ઉત્તર ભારતમાં પડી રહેલી અને અત્યંત કાતિલ-સૂકા ઠંડા પવનની અસરને કારણે સમગ્ર ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીનો અહેસાસ લોકો કરી રહ્યા છે. આજે સમગ્ર રાજ્યમાં કોલ્ડ વેવ ફરી વળી હોય તેમ રાજ્યના મોટા ભાગના શહેરના લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીની આસપાસ પહોંચી ગયા હતા. આજે અમદાવાદમાં સિઝનમાં પહેલાવીર લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રીએ પહોંચી જતા અમદાવાદીઓ હુંઠવાઈ ગયા હતા. આ ઉપરાંત સિઝનમાં પહેલીવાર ગાંધીનગર ૯ ડિગ્રી, નલિયા ૬.૫ ડિગ્રીએ પહોંચી જતા લોકોએ ગાત્રો થીજવતી ઠંડીનો અહેસાસ વહેલી સવારે કર્યો હતો. બીજી તરફ કોલ્ડ વેવ અને ઉત્તર પૂર્વિય પવનને કારણે ઠંડા પવન ફૂંકાતા વર્તમાન ઠંડીનું મોજુ યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. નોંધનીય છે કે, ૨૭ ડિસે. ૧૯૮૩ના રોજ અમદાવાદનું લઘુતમ તાપમાન ઐતિહાસિક ૩.૬ ડિગ્રી નોંધાયું હતું.દેશના ઉત્તરીય ભાગમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત હિમવર્ષા થઈ રહી છે ત્યારે ઉત્તર દિશા તરફથી ઠંડા-સુકા પવન ગુજરાત તરફ આવી રહ્યાં છે. જેના કારણે ગુજરાતમાં પણ ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે અને કડકડતી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. છેલ્લા બે દિવસથી રાજ્યના વિવિધ શહેરના લઘુતમ તાપમાનમાં ત્રણ લઈ સાત ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. જેના કારણે ઠંડી વધી રહી છે ત્યારે આજે સિઝનમાં પહેલીવાર અમદાવાદ અને ગાંધીનગરનું લઘુતમ તાપમાન અનુક્રમે ૧૧.૮ ડિગ્રી અને ૯ ડિગ્રીએ પહોંચી જતા વહેલી પરોઢે કડકડતી ઠંડીનો અહેસાસ થયો હતો. આ ઉપરાંત રાજ્યના વિવિધ શહેરના તાપમાન પણ ૧૨ ડિગ્રી આસપાસ રહેતા જોરદાર ઠંડી વર્તાઈ હતી. ઠંડી વધવાની સાથે વહેલી પરોઢે ગાઢ ધુમ્મસ પણ છવાયું હતું, જેના કારણે રાજ્યના વિવિધ ધોરી માર્ગો પર સવારે ૨૦૦ મીટર દૂરનું દૃશ્ય સ્પષ્ટ ન દેખાતા વાહનચાલકોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે શિયાળો મોડો શરૂ થયો છે, પરંતુ હવે ડિસેમ્બરમાં શિયાળો પોતાના પરચો બતાવે અને જોરદાર ઠંડી પડે તેવી શક્યતા છે. ઉપરાંત રાજ્યમાં કેટલીક જગ્યાએ લઘુતમ તાપમાનનો પારો ૫ ડિગ્રીથી નીચે જવાની પણ શક્યતા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગો ઉપર ઠંડીનું જોર વધવાની શક્યતાઓ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા ઠંડીનું જોર ઘટશે. રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્રમાં મહત્ત્વનો જિલ્લો છે. ત્યાં સામાન્ય રીતે ઠંડીનું પ્રમાણ વધુ રહેતું હોય છે, પરંતુ કોલ્ડવેવની અસર રહેતી નથી, પરંતુ આ વર્ષે રાજકોટ જેવા શહેરમાં પણ સતત બે દિવસ સુધી કોલ્ડવેવની અસર રહી હતી. જે છેલ્લાં દસ વર્ષના આંકડાઓ મુજબ પ્રથમ વખત આ સ્થિતિનું નિર્માણ થયું છે.

### 'ઈ-પાસ સિસ્ટમ'નું તા. ૦૮ જૂન ૨૦૨૩ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું

# સમગ્ર દેશમાં 'ઇ- પાસ સિસ્ટમ'ની શરૂઆત કરવામાં ગુજરાત પ્રથમ

## બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં કુલ ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો

અમદાવાદ,તા.૧૮

દેશભરમાં 'ઈ-પાસ સિસ્ટમ' પ્રથમ વખત જ ગુજરાત એસ.ટી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં કુલ ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે, જ્યારે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઇન E- Pass કરાવીને ડિજિટલ ગુજરાત અભિયાનમાં સહભાગી થયા છે. જ્યારે ગ્રામીણ ક્ષેત્રમાંથી આવતી વિદ્યાર્થીનીઓને એસ.ટી નિગમ દ્વારા આ પાસ વિનામૂલ્યે આપવામાં આવે છે, જેમાં અન્ય વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે ૮૨.૫ ટકા કન્સેશન આપવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ઇ-ગવર્નન્સનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પૂરું પાડ્યું છે,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ઈ-પાસ સિસ્ટમ'નું તા. ૦૮ જૂન ૨૦૨૩ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો મુખ્ય હેતુ શાળા-કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓનો સમયની બચત થાય તેમજ વિદ્યાર્થીઓને એસ.ટી.બસના પાસ કઢાવવા માટે લાંબી લાઈનોમાં ઉભુ રહેવું ન પડે તેમજ વારંવાર ધક્કા ખાવા ન પડે, ફોર્મમાં વિગતો ભરવાની ઝંઝટમાંથી મુક્તિ મળે અને વિદ્યાર્થી કોઈપણ જાતની હેરાનગતિ, દોડધામ કે માનસિક ત્રાસ વગર સરળતાથી બસનો મુસાફરી પાસ કાઢી શકે તે માટે શિક્ષણ વિભાગ સાથે છPI મારફત Pass System Integration કરી ચાલુ શૈક્ષણિક વર્ષથી ઓનલાઇન ઈ-પાસ કાઢી આપવામાં આવે છે. ઈ-પાસ સિસ્ટમની વિદ્યાર્થી જાતે જ ઓનલાઈન એપ્લીકેશન કરી શકે છે. જે-તે શૈક્ષણિક સંસ્થા દ્વારા ઓનલાઈન એપ્લીકેશન મંજૂર કરવામાં આવે છે. મંજૂર થયેલા ફોર્મ વિદ્યાર્થીએ નક્કી કરેલા એસ.ટી વિભાગના કાઉન્ટર પર જતું રહે છે અને ત્યાં જઈને ફોર્મ નંબર આપી જરૂરી પાસના પૈસા ઓનલાઈન- કેશમાં ચૂકવી પાસ કલેક્ટ કરી શકે છે. જેનાથી વિદ્યાર્થીઓ માટે પાસ કાઢવાનું સરળ બની રહે છે. અરજી નંબરના આધારે વિદ્યાર્થી તેની અરજી અંગે લેટેસ્ટ સ્ટેટસ પણ ચેક કરી શકે છે. તેમ ગુજરાત વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

### ટ્વીટ કરી કોંગ્રેસને આડેહાથ લીધી

# ડો. આંબેડકરના મુદ્દે અમિત શાહના બચાવમાં ઉતર્યા મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોંગ્રેસે ડો. આંબેડકરના વારસાને ભૂંસવા માટે ગંદી યુક્તિઓ રમી હતી

નવી દિલ્હી, તા. ૧૮

એક તરફ જ્યાં વિપક્ષી પાર્ટીઓ બાબા સાહેબ આંબેડકરના મુદ્દે સંસદમાં સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર પ્રહાર કરતા કહ્યું કે કોંગ્રેસ પોતાના પાપને વધુ સમય સુધી છુપાવી શકતી નથી. તેમણે કહ્યું કે કોંગ્રેસે ડૉ.આંબેડકરના વારસાને ભૂંસવા માટે ગંદી યુક્તિઓ રમી હતી.

વડાપ્રધાને સોશિયલ મીડિયા ઠ પર એક પછી એક અનેક પોસ્ટ કરી અને કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસ ગમે તેટલી કોશિશ કરે, તેઓ એ વાતનો ઈક્રાર કરી શકતા નથી કે તેમના શાસનમાં SC/ST સમુદાયો વિરુદ્ધ સૌથી ખરાબ હત્યાકાંડો થયા છે. તેઓ વર્ષો સુધી સત્તામાં રહ્યા, પરંતુ SC અને ST સમુદાયોને સશક્ત કરવા માટે કશું નક્કર કર્યું નહીં.

પીએમ મોદીએ પોસ્ટમાં લખ્યું, 'ડૉ.આંબેડકર વિરુદ્ધ કોંગ્રેસના પાપોની સંપૂર્ણ યાદી છે. કોંગ્રેસે તેમને એક નહીં પરંતુ બે વખત ચૂંટણીમાં હરાવ્યા હતા. પંડિત નેહરુએ તેમની સામે પ્રચાર કર્યો અને તેમની હારને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી દીધો હતો. તેમને ભારત રત્ન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. સાથે જ સંસદના સેન્ટ્રલ હોલમાં તેમના પોટ્રેટને સન્માનનું સ્થાન ન આપવું એ પણ કોંગ્રેસની વિચારસરણી દર્શાવે છે.પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, જો કોંગ્રેસ અને તેની સડેલી ઈકોસિસ્ટમ એવું વિચારે છે કે તેઓ તેમના ઘણા વર્ષોના દૂષિત જૂઠાણા અને દુષ્કૃત્યો, ખાસ કરીને ડૉ.આંબેડકર પ્રત્યેના તેમના અનાદરને છુપાવી શકે છે, તો તેઓ ઘોર ભૂલમાં છે. દેશના લોકોએ વારંવાર જોયું છે કે કેવી રીતે એક વંશના નેતૃત્વ હેઠળની પાર્ટીએ ડૉ. આંબેડકરના વારસાને ભૂંસી નાખવા અને જીઝ/જી્ સમુદાયોને અપમાનિત કરવા માટે દરેક સંભવિત ગંદી યુક્તિ કરી છે.

મહત્વનું છે કે, કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના સંબોધનનો એક વિડિયો અંશો બહાર પાડ્યો હતો જેમાં ગૃહપ્રધાનને વિપક્ષ પર કટાક્ષ કરતા અને કહેતા સાંભળી શકાય છે કે, હવે આ એક ફેશન બની ગઈ છે – આંબેડકર, આંબેડકર. જો તેમણે ભગવાનનું આટલું નામ લીધું હોત તો તેઓ સાત જન્મો માટે સ્વર્ગમાં જતા હોત.

### અનેક મુદ્દાઓ પર થઈ ચર્ચા

# સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા શરદ પવાર

## શરદ પવારની સાથે આવેલા સતારાના બે ખેડૂતોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દાડમની ભેટ આપી

નવી દિલ્હી, તા. ૧૮

NCP-SCPના વડા શરદ પવાર આજે બુધવારે સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ દરમિયાન શરદ પવારે પીએમ મોદી સાથે ખેડૂતોના મુદ્દા પર ચર્ચા કરી. આ બેઠક બાદ પવારે કહ્યું કે, દાડમના ખેડૂતોને લઈને તેમણે પીએમ મોદી સાથે વાત કરી છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, શરદ પવારની સાથે સતારાના બે ખેડૂતોએ વડાપ્રધાન મોદીને દાડમની ભેટ આપી છે.

મળતી માહિતી મુજબ, NCP-SCPના વડા શરદ પવાર સતારા અને ફલટનના દાડમ ખેડૂતો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા અને તેમને દાડમ ભેટ આપ્યા. શરદ પવારે ભારપૂર્વક જણાવ્યું કે, બેઠકમાં કોઈ રાજકીય ચર્ચા થઈ નથી. તાજેતરમાં, શરદ પવારે વડા પ્રધાનને પત્ર લખીને ફેબ્રુઆરીમાં રાષ્ટ્રીય રાજધાનીના તાલકટોરા સ્ટેડિયમમાં આયોજિત ૯૮મા મરાઠી સાહિત્ય સંમેલનનું ઉદ્ઘાટન કરવા આમંત્રણ આપ્યું હતું. વડાપ્રધાન સાથેની મુલાકાત બાદ પવારે કહ્યું કે, મેં સાહિત્ય સંમેલનના વિષય પર વાત કરી નથી.

વડાપ્રધાન મોદી સાથે શરદ પવારની આ મુલાકાત એવા સમયે થઈ જ્યારે તાજેતરમાં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન બાયનબાજીમાં તણાવ જોવા મળ્યો હતો. આ ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી (MVA)ને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

# અમરેલી ખાતે સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા ''ઉમંગ ઉત્સવ'' સ્પર્ધા યોજાઈ : દિવ્યાંગ કલાકારોએ કૌશલ્ય દર્શાવ્યું



રાજય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના ઉપક્રમે અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા આયોજિત સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાની ઉમંગ ઉત્સવ સ્પર્ધા અમરેલી ખાતે સંપન્ન થઈ હતી. અમરેલી સ્થિત લાઠી રોડ ખાતેના ગજેરા કેમ્પસનાં સહયોગથી યોજાયેલ આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાનાં દિવ્યાંગ કલાકારોએ વિવિધ કૃતિઓમાં પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. રાસ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જૂનાગઢ મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ તથા લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભાવનગર અંકુર શાળા અને સમૂહ ગીત સ્પર્ધામાં થોરડી નિવાસી અંધ વિદ્યાલયે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહિલ, અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી. મિયાણી, અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી વી.બી. પરમાર, સંસ્થાના ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, રાજય આચાર્ય સંઘના મંત્રી સી.પી. ગોંડલીયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી તમામ કલાકારોને પ્રેરણા આપી બિરદાવ્યા હતા. કલાકારોને સ્મૃતિ ભેટમાં વોટર બોટલ તથા સ્કૂલ બેગ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વિજેતા કલાકારો રાજય કક્ષાની ઉમંગ ઉત્સવ સ્પર્ધામાં જૂનાગઢ ખાતે ભાગ લેશે, તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### રવજીભાઈ કાચાની આગેવાનીમાં

## ''અમરેલી એક્સપ્રેસ''નાં ૧૬માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે શુભકામના પાઠવતા સીનિયર સિટીઝન

### તંત્રી મનોજ રૂપારેલને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે છેલ્લા ૧૫ વર્ષથી દિવસ–રાત જહેમત ઉઠાવતા અને જનતાના પ્રશ્નોનું નિડરપણે પ્રસારીત કરતા અમરેલી એકસપ્રેસ દૈનિકના ૧૬માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજભાઈ રૂપારેલ તથા તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ અમરેલી એકસપ્રેસ વર્તમાનપત્ર વધુમાં વધુ



સફળતાના શિખરો સર કરે તેવી સૌ વડીલોનીએ શુભકામના પાઠવી હતી.

### નાડીવૈદ્યના યુગનો આખરી સિતારો અનંત યાત્રાએ

## દામનગરનાં ધ્રુફણીયા ગામનાં વૈદ્યરાજ પુ. વજુદાદાનો દેહ વિલય

### આજે સદ્‌ગતની અંતિમયાત્રા યોજાશે

દામનગર, તા. ૧૮

દામનગર નાં ધ્રુફણીયા ગામ નાં સહજ સ્વભાવ ધાર્મિક વૃત્તિ નાં પૂજય વૈદ્યરાજ વજુદાદાનો દેહ વિલય મૃત્યુ મંગલ છે ભગવાન સેનુ ભલુ કરોની ઉદત ભાવના એ દર્દી નારાયણ માટે ભગવાન શ્રી ધંવતરી નાં કૃપાપાત્ર કે જેમણે પોતાનું સંપૂર્ણ જીવન દીન, દુઃખીયા અને દર્દીનારાયણની સેવામાં વિતાવ્યુ છે એવા અઢારેય આલમના સુખ–દુઃખના સાથી, ધ્રુફણીયા ગામ અને સમસ્ત બ્રહ્મ



સમાજના વડીલ, મુરબ્બી અને મોભી, પ્રાચિન ચિકિત્સા પધ્ધતિના પારંગત નાડીવૈદ્ય, પ્રસિધ્ધિ પ્રતિષ્ઠાથી પર રહીને જેમણે આયખાના અંત સુધી હજારો દર્દીઓને અસાધ્ય રોગોમાંથી મુકત કર્યા છે એવા ભગવાન ધનવંતરીના કૃપાપાત્ર વૈદ્યરાજ, આપણા સેના પૂજનીય, વંદનીય પૂજય વજુદાદા સમગ્ર પંથકમાં પથદર્શક, પ્રેરણામૂર્તિ અને સંસ્કારતીર્થ એવા વૃજલાલ મણીશંકર ભટ્ટ (વૈદ્યરાજ વજુદાદા) ઉ.વ.૯૫નું તા.૧૮/૧૨/૨૦૨૪ને બુધવારના રોજ પ્રાતઃ ૧૦ ૪૫ કલાકે પોતાની તંદુરસ્ત સુદીર્ઘ જીવનયાત્રા પૂર્ણ કરી પોતાના માદરે વતન ધ્રુફણીયા મુકામે દેવલોક પામ્યા છે. નાડી વૈદ્યના યુગનો આખરી સિતારો અનંતની યાત્રાએ જતા તેમના પાર્થિવ દેહ અંતિમ દર્શન તા.૧૯/૧૨/૨૪ નાં ૨–૦૦ સુધી રાખેલ છે ધ્રુફણીયા નિવાસ થી સ્મશાનયાત્રા સદ્‌ગતના પાર્થિવ દેહના અંતિમ દર્શન તા.૧૯/૧૨/૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૭ : ૦૦ થી બપોરનાં ૨:૦૦ કલાક સુધી રાખેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું અંતે અયોધ્યા એપાર્ટમેન્ટમાં ચાલતા

દુષણ બંધ થયું અને સાથોસાથ મહિલાઓ અયોધ્યા એપાર્ટમેન્ટની સામે આવેલ એક હોટેલમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ પણ બંધ કરાવી દીધા બાદ સ્થાનિક તંત્ર હરકતમાં આવીને ઘટના સ્થળે દોડયું

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં બાયપાસ માર્ગ ઉપર ઘણા મહિનાઓથી ગેરકાયદેસર રીતે બનેલ દુકાનમાં અનૈતિક પ્રવૃત્તિ માટે ''સ્પા'' સેન્ટર જેવું રૂપાળુ નામ દર્શાવીને નાણા કમાવવાનાં ખેલ શરૂ થયા હતા અને એક–બે નહી બલ્કે ૭ જેટલા ''સ્પા'' સેન્ટર ધમધમતા થયા હતા.

''સ્પા'' સેન્ટરમાં અનૈતિક પ્રવૃત્તિ માટે આવતાં ગ્રાહકોનાં લીધે મહિલાઓ ક્ષોભજનક સ્થિતિમાં આવતી હોય ૨ મહિના પહેલા એપાર્ટમેન્ટનાં રહેવાસીઓએ સ્થાનિક અધિકારીઓને આવેદનપત્ર પાઠવીને ''સ્પા'' બંધ કરાવવા માંગ કરી હતી.

પરંતુ સ્થાનિક તંત્ર રાબેતા મુજબ નિષ્ક્રીય રહ્યું અને પોલીસ અને પાલિકા વિભાગ વચ્ચે જવાબદારીની ફેંકાફેંકી શરૂ થઈ અંતે ગઈકાલે મહિલાઓએ પાલિકા કચેરીનો ઘેરાવ કર્યા બાદ આજે સવારે જાગ્યા ત્યાંથી સવાર ગણીને ''સ્પા'' સેન્ટરનાં બોર્ડ–વોર્ડિંગને સળગાવીને હલ્લાબોલ કરતાં કોઈ ''સ્પા'' સેન્ટર શરૂ થયા ન હતા. તો સામે આવેલ એક હોટેલમાં પણ મહિલાઓએ હલ્લાબોલ કરતાં ત્યાંથી અમુક કપલ નાશી છુટયાનું ચર્ચાઈ રહ્યું છે.

અમરેલીમાં અયોધ્યા એપાર્ટમેન્ટ સિવાય અન્ય વિસ્તારમાં પણ ''સ્પા'' સેન્ટર ચાલી રહ્યા હોય તો જવાબદાર વિભાગ તે ''સ્પા'' સેન્ટર બંધ કરાવે છે કે નહી તેનાં પર સૌની નજર મંડાયેલી છે.

આમ અયોધ્યા એપાર્ટમેન્ટની મહિલાઓએ લોકશાહી ઢબે કાર્યક્રમ યોજીને અનૈતિક પ્રવૃત્તિની સમસ્યાથી મુકિત મેળવીને ખોટી કનડગત હેરાનગતી સહન કરનાર માટે પ્રેરણાદાયી કાર્ય કર્યુ છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં બંસીધર સહિતની

પાલિકા ધ્વારા ભૂગર્ભ ગટરનું બિલ મોકલાતા સ્થાનિકોએ ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બંસીધર સોસાયટી, દુધાતની વાડી, સોજીત્રાની વાડી લીલીયા રોડ ખાતે આવેલ છે. પરંતુ તે સોસાયટીમાં આજદીન સુધી રોડ કે ભૂગર્ભ ગટર બનાવવામાં આવી નથી. તો કયા કારણોસર ભૂગર્ભ ગટરનો વેરો લગાડવામાં આવેલ છે જે વ્યાજબી નથી તો આ વેરો તાત્કાલીક રદ કરવો.

તેમજ આ સોસાયટીમાં જે કર્મચારીએ વેરો આકારણી કરેલ છે તેમની સામે ખાતાકીય પગલા લેવા. કારણ કે તેમણે સ્થળ તપાસ કર્યા વિના ઘર બેઠા બેઠા વેરા આકારણી કરેલ હોય તેવું જણાય છે.

ઉપરોકત બાબત ધ્યાને લઈ ભૂગર્ભ ગટર વેરો વહેલીતકે રદ કરવા અંતમાં માંગ કરી છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં કોઈપણ સ્થળોએ

પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવાયું હતું કે, અમરેલીના કેરીયા રોડ નજીક બાયપાસ રોડ ઉપર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટમાં બનાવાયેલ ગેરકાયદેસર દુકાનોમાં ''સ્પા''ના નામે ચાલતા ધંધા આજથી બંધ કરાવી દેવામાં આવેલ છે. અમરેલી જિલ્લામાં ''સ્પા'' અથવા તો કોઈપણ હોટેલ, ગેસ્ટહાઉસ, ફાર્મહાઉસ કે અન્ય કોઈ પણ જગ્યાએ આવી ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવા દેવામાં આવશે નહીં અને આવી કોઈ પ્રવૃત્તિ અંગે ચાલતી હોય તો તુરંત જ પોલીસનો સંપર્ક કરવા પણ જણાવાયું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૬૫ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૦૬ | ૧૩૩૧ |
| ૩ | શિંગ મોટી | ૮૪૦ | ૧૨૨૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૧૭૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૯૦ | ૨૭૪૫ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૫૦૨૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૦૦ | ૩૩૦૫ |
| ૮ | બાજરો | ૬૧૨ | ૬૧૨ |
| ૯ | જુવાર | ૭૧૧ | ૯૮૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૩૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૭૮ | ૬૫૬ |
| ૧૨ | અડદ | ૯૦૦ | ૧૬૫૧ |
| ૧૩ | ચણા | ૬૮૦ | ૧૪૧૦ |
| ૧૪ | તુવેર | ૯૧૦ | ૧૮૨૩ |
| ૧૫ | કપાસ | ૮૦૦ | ૧૪૬૦ |
| ૧૬ | એરંડા | ૧૦૧૫ | ૧૧૯૨ |
| ૧૭ | જીરૂ | ૩૫૦૦ | ૪૬૩૦ |
| ૧૮ | ઈસબગુલ | ૨૧૩૦ | ૨૧૩૦ |
| ૧૯ | ધાણા | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૨૦ | સોયાબીન | ૫૦૦ | ૮૩૮ |
| ૨૧ | મરચા લાંબા | ૫૦૦ | ૨૬૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૬૩ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૦૦ | ૮૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૦ | ૧૦૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૬૦ |
| ૩ | શીંગ ગીરનારી | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૬૧ |
| ૫ | તલ પીળા | – | ૩૦૦૦ |
| ૬ | જીરૂ | ૪૦૦૦ | ૪૪૧૦ |
| ૭ | કપાસ | ૧૩૩૦ | ૧૪૬૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૧૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૪ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૬૦૦ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૬૨૫ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૧૭૯૮ |
| ૧૫ | રાય/રાયડો | ૧૦૮૫ | – |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૭ | સોયાબીન | ૬૭૫ | ૭૯૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૭૦૦ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં | ૫૬૧ | ૫૮૨ |
| ૪ | ચણા | ૧૨૦૧ | ૧૩૦૧ |
| ૫ | અડદ | ૧૩૮૦ | ૧૪૫૦ |
| ૬ | તલ | ૨૩૨૩ | ૨૩૨૩ |
| ૭ | જીરૂ | ૪૨૨૧ | ૪૩૫૧ |
| ૮ | ધાણા | ૯૦૦ | ૧૩૦૧ |
| ૯ | છોલે ચણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૧૬૨ |
| ૧૧ | સોયાબીન | ૬૨૬ | ૮૧૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૧૪ |
| ૪ | સોયાબીન | ૬૨૫ | ૮૦૦ |
| ૫ | મગફળી | ૫૦૦ | ૯૦૦ |
| ૬ | ચણા | ૧૨૧૪ | ૧૨૨૧ |
| ૭ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૮ | ધાણા | ૧૧૬૫ | ૧૩૭૫ |
| ૯ | અડદ | ૯૫૦ | ૧૩૫૫ |
| ૧૦ | જુવાર | ૭૦૧ | ૭૦૧ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૨૦ | ૧૨૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૪૯૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૫૬ | ૧૧૫૪ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૮ | ૧૦૬૨ |
| ૫ | અડદ | ૧૧૭૦ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં | ૫૦૭ | ૬૬૩ |
| ૭ | તલ સફેદ | ૧૯૯૦ | ૨૨૮૦ |
| ૮ | તલ કાળા | ૩૯૨૫ | ૪૪૭૫ |
| ૯ | જીરૂ | ૪૦૧૦ | ૪૪૮૦ |
| ૧૦ | સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૪૦ | ૧૨૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૧૮૫ |
| ૨ | તલ સફેદ | ૨૧૫૧ | ૨૭૦૦ |
| ૩ | તલ પીળા | ૨૮૭૨ | ૩૩૫૪ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૪૪૫ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૬૨૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૨ | ૬૪૫ |
| ૭ | જુવાર | ૫૨૦ | ૮૨૧ |
| ૮ | મગ | ૧૩૦૦ | ૨૧૭૫ |
| ૯ | મઠ | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૧૦ | અડદ | ૧૦૫૦ | ૧૭૫૧ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ૧૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૩ | ધાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૧૪ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| ૧૫ | ગમ ગુવાર | ૮૦૦ | ૮૦૦ |

# અમરેલી સીનિયર સિટીઝન્સ સોસાયટીનો પરિચય અને પ્રવૃતિ

અમરેલી, તા.૧૮

અમરેલી સિનિયર સિટીઝન્સ સોસાયટીની સ્થાપના તા.૨૯/૭/૨૦૦૭ના ગુરૂપૂર્ણિમાના શુભદિને થયેલ છે. આ સોસાયટી, એજકેર ફેડ્રેશન વડોદરા સાથે સંલગ્ન છે. જેની નીચે ૧૫૦ જેટલા ગુજરાતમાં વરિષ્ઠ મંડળો ચાલે છે. આ સોસાયટી વરિષ્ઠ નાગરીકો માટેની સંસ્થા છે. અને ૬૦ વર્ષથી ઉપરનાં નાગરીકોને પ્રવેશ આપવામાં આવે છે.

આ સોસાયટીની દર માસે એક મીટીંગ મળે છે. જેમાં સંસ્થાનાં સભ્યઓને જન્મદિન, લગ્નદિન અંગે શુભેચ્છાપત્ર અને ગુલદસ્તો આપી અભિનંદન પાઠવવામાં આવે છે. તદઉપરાંત ૭૫ વર્ષ પુરા થતા હોય તેવા સભ્યઓને સ્મૃતિભેટ અને શાલથી સન્માનીત કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ષમાં એક વખત કોઈપણ સંસ્થાની મુલાકાત અને પ્રવાસ યોજવામાં આવે છે. તાજેતરમાં જ સાસણગીર ગ્રીનવુડ રીસોર્ટનાં પ્રવાસનું આયોજન થયેલ. વનભોજન તેમજ બહાર ફરવાના કાર્યક્રમ પણ ગોઠવવામાં આવે છે. વર્ષાન્તે વાર્ષિક ઉત્સવ યોજવામાં આવે છે. જે કાર્યક્રમ શહેરની સારી હોટલ અથવા પાટીપ્લોટમાં આપવામાં આવે છે. આઠમાં વાર્ષિક ઉત્સવમાં ગુજરાતના નામાંકિત હાસ્યલેખક રતિલાલ બોરીસાગરને નિમંત્રણ આપી તેઓ દ્વારા વડીલોને હાસ્યથી તરબોળ કરી દીધેલ હતા. ઉપરાંત ડો. વિજળીવાળા સાહેબ, શિક્ષણવિદ ભરાડ, ડો.પ્રતાપભાઈ પંડયા જેવા મહાનુભાવોનો લાભ મંડળ ને મળેલ છે.

સંસ્થાના સભ્યઓનું મેડીકલ ચેકઅપ પણ નિયમીત કરવામાં આવે છે. અગાઉનાં વર્ષે સેન્ટ જોન એમબ્યુલન્સ સંસ્થા દ્વારા પ્રિમેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. રાધિકા જનરલ હોસ્પિટલના ડોકટર પરવાડીયાએ માર્ગદર્શન અને સેવા આપેલી હતી. કેમ્પમાં ઈ.સી.જી., બી.પી.બ્લડશયુગર, કોલેસ્ટ્રોલ જેવા દર્દોની ચકાસણી કરી રીપોર્ટ કરી આપી માર્ગદર્શન આપવામાં આવેલ. સદર રીપોર્ટસનું પુર્વસભ્ય ડો.મધુબેન ભટ્ટે સર્વોને વિગતથી માર્ગદર્શન અને સમજણ આપેલ. આ ઉપરાંત શહેરનાં નામાંકિત ડોકટર્સ જેવા કે હૃદયરોગ, ડાયાબીટીસ, દાંતની સંભાળ તેમજ આયુર્વેદીક ચિકિત્સાનું માર્ગદર્શન આપવામાં આવેલ.

દર વર્ષે શરદપુનમનાં દિવસે સંગીતસંધ્યામાં ફિલ્મગીતો, લોકગીતો અને રાસગરબા જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

હોસ્પિટલમાં બીમાર દર્દીઓની મુલાકાત, વૃધ્ધાશ્રમમાં વડીલોની મુલાકાત સાથે શહેરનાં નિષ્ણાંત ડોકટરો દ્વારા સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવેલ છે. સંસ્થામાં ૫–૫ સભ્યોની કમીટીની રચના કરવામાં આવી છે. જે ભાઈ–બહેનો આ ગૃપની મુલાકાત લે છે. વડીલ આગેવાનોના અવસાન પ્રસંગે શ્રધ્ધાંજલિ અપાય છે. અને તેમને પારિવારિક શોકસંદેશો આપવામાં આવે છે. સંસ્થાના ઘણા સભ્યો ગુજરાત સ્ટેટ લીંગલ સર્વિસ ઓથોરીટી સાથે સંકળાયેલા છે. અને સંસ્થાનાં સભ્ય પણ છે. સંસ્થાની વિનંતીથી નગરપાલિકા દ્વારા સી.સી.માટે શહેરની મધ્યમાં આવેલ સેન્ટર પોઈન્ટ પાસે સી.સી.પાર્ક ખુબજ રળિયામણો બનાવેલ છે. ડેમ સાઈડ પાસે ૨૦ બાકડાની વ્યવસ્થા કરી આપેલ છે. જયાં સાંજનાં સમયે ઘણા સીનીયર સીટીઝન ફરવા માટે આવે છે. અને સી.સી.પાર્કનો લાભ લે છે. દાદા–દાદીનાં ઉધાન માટે પણ નગરપાલિકા પાસે માંગણી કરેલ અને અનુસંધાને ઉપરોકત વ્યવસ્થા કરી આપી છે.

આ સંસ્થા દ્વારા પ્રવાસનું પણ આયોજન કરવામાં આવે છે. પ્રવાસ માટે શીરડી તથા શ્રીનાથજી જવા માટે સીધી બસની એસ.ટી.તંત્ર પાસે માંગણી કરેલ છે. જેમાં શીરડીની એસ.ટી.ડીવીઝન અધિકારીએ બસ શરૂ કરી આપેલ છે. શ્રીનાથજી માટે કાર્યવાહી ચાલુ છે. પ્રવાસ કાર્યક્રમોમાં સુરેન્દ્રનગરની અંધ મહિલા વિકાસ ગૃહ તેમજ વડીલ વંદના, વડાલ જિલ્લો જુનાગઢની પણ મુલાકાત લીધેલ. આ ઉપરાંત સત્તાધાર યાત્રા, તથા સાસણગીર ગ્રીનવુડ રીસોર્ટની મુલાકાત વગેરે પ્રવાસનું આયોજન કરી વડીલોને આનંદ કરાવેલ. અમરેલી રેલ્વે સ્ટેશનને ૧૦૦ વર્ષ પુર્ણ થઈ રહેલ છે. અમરેલીને બ્રોડગેઈજ લાઈન આપવા માટે વિનંતીપત્ર આપવામાં આવેલ છે.

આ વર્ષે રોટરી કલબ ગીર અમરેલી સીટી સંસ્થાએ આ મંડળને સાથે રાખી કેમ્પ કરેલ. અને હવે પછી પણ મેડીકલ કેમ્પ થાય તેમાં મંડળના સભ્યો ઘણીજ સેવા આપે છે. રોટરી કલબનાં કાર્યોને સહયોગ આપેલ તેનું રોટરી કલબ ગીર દ્વારા ખુબજ સરાહના કરેલ છે. રોટરી કલબ ગીરનાં સીનીયર સીટીઝન ગૃપમાં પણ આ સંસ્થાનાં વડીલો સંકળાયેલા છે.

સંસ્થા દ્વારા વ્યસન મુકિતના કાર્યક્રમોમાં બેનર સાથે પ્રતિજ્ઞાપત્રો લખાવીને ઝુંબેશ કરીને ઘણા જ વ્યસનીઓને વ્યસન છોડવવાનાં સોગંદનામાં કરાવેલ છે. ૨૦૨૨ નું વર્ષ દશાબ્દી વર્ષ હોવાથી સભ્યનાં પરિવારનાં બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ જેવી કે વકૃત્વ, રંગપુર્ણી, વાર્તાલાપ, લીંબુચમચી, ગીત–સંગીત જેવી રમતોનું આયોજન કરેલ છે. જેમાં પ્રોત્સાહનરૂપે સ્પર્ધકોને સ્મૃતિચિહ્ન અને ભેટ આપવામાં આવેલ છે. તાજેતરમાં રૂપાયતન સ્કુલના વિદ્યાર્થીઓના અંગકસરતના દાવો રજુ કરી વડીલોને મુગધ કરેલ. સંસ્થાના વડીલોએ પણ લીંબુ ચમચી, સંગીત ખુરશી, ધીમી દોડ વગેરેનું આયોજન કરેલ. વિદ્યાર્થી તથા વડીલોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

આ સંસ્થામાં હાલમાં ૧૪૦ની બહોળી સંખ્યા ધરાવે છે. જેમાં ૫૦ દંપતી, ૨૪ ભાઈઓ અને ૧૩ બહેનો સભાસદ છે. સૌ સંસ્થાની પ્રવૃતિથી ખુબજ ખુશ છે. એજકેર ફેડરેશન દ્વારા ૨૦૧૦ તથા ૨૦૧૪માં શ્રેષ્ઠ મંડળ તરીકેનો એવોર્ડ પણ પ્રાપ્ત કરેલ છે. અંતમાં અમારૂં મંડળ વરિષ્ઠ નાગરીકોને વધારેમાં વધારે સુવિધા મળે અને તકલીફો ઘટે, તેઓનું જીવન નીરોગી અને આનંદમય રહે તે દિશામાં મંડળ સદાય સક્રિય અને તત્પર રહે છે. દરેક સભ્યની પણ આજ લાગણી અને ધગશ છે અને અમારૂં મંડળ અમરેલીમાં જ નહીં પણ જીલ્લાના દરેક તાલુકામાં શાખાઓ શરૂ થાય એ માટે પ્રયત્ન કરી રહેલ છે.

### ૧૩ કલાક અને ૧૮ મિનિટની સૌથી લાંબી રાત્રી

# આગામી શનિવારે લાંબામાં લાંબી રાત્રી રવિવારથી રાત્રિ ક્રમશ : ટુંકી અને દિવસ લાંબો થશે

## પૃથ્વી ઝુકેલી હોવાથી દિવસ–રાત લાંબા–ટુંકા બને છે

રાજકોટ, તા. ૧૮

અમદાવાદ : શનિવાર તા. ૨૧ ડિસેમ્બરે રાત લાંબી અને દિવસ ટૂંકાનો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ–રાતમાં લાંબા–ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉત્તરાયણ કહેવામાં આવે છે. વર્ષની સૌથી લાંબામાં લાંબી રાત, શિશિર ઋતુનો પ્રારંભ અને સૂર્ય ઉત્તર ગોળાર્ધ તરફ જવાની શરૂઆત થશે. રવિવારથી સેકન્ડની ગણતરીએ દિવસ લાંબો થશે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ–રાત ૧૨–૧૨ કલાકની બને છે. શનિવારે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૮ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ–રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે.જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજકોટમાં રાત્રિ ૧૩ કલાક ૧૮ મિનિટ ૧૧ સેકન્ડ,



ભાવનગરમાં રાત્રિ ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૦ સેકન્ડ, જુનાગઢમાં રાત્રિ ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રિ ૧૩ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડ, અમદાવાદમાં ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, મુંબઈમાં રાત્રિ ૧૩ કલાક ૦૧ મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રિ ૧૩ કલાક ૩૬ મિનિટ, ૦૭ સેકન્ડ, દિબ્રુગઢમાં રાત્રિ ૧૩ કલાક ૩૬ મિનિટ ૦૭ સેકન્ડ, કાશ્મીરમાં રાત્રિ ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૦૯ સેકન્ડ લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યાર બાદ તા. ૨૨મી રવિવારથી રાત્રી ક્રમશઃ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી તરફ ગતિ કરે છે. નાના–મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળે છે. વધુમાં પંડયાએ જણાવ્યું કે સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે અને પછી ત્યાંથી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળંગતો નથી. પૃથ્વી પર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત્ત કહે છે. પૃથ્વી પરના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશને મકરવૃત્ત કહે છે. વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે પૃથ્વીની ૨૩.૫ અંશે ઝુકેલી ધરીને કારણે પૃથ્વી પર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો પર છ–છ મહિનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા પર ઊંચે અક્ષાંશે જે બારે માસ ઠંડી રહે છે ત્યાં બારેય માસ બરફ છવાયેલો રહે છે. અંતમાં જાથાએ આકાશ તરફ લોકો નજર કરતાં થાય અને ખગોળ વિષય ઉપર રૂચિ કેળવાય તે માટે અભિયાન આદર્યું છે. આજે લોકો લાંબામાં લાંબી રાત્રિનો અનુભવ કરી બીજે દિવસથી રાત્રિ ક્રમશ : સેકન્ડની ગણતરીએ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અમરેલીમાં આજે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૧૯ ડિસેમ્બર,૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે રોજગાર ભરતીમેળાનું આયોજન છે.

અમરેલી જિલ્લાના ૧૮ થી ૨૩ વર્ષની વયમર્યાદામાં, રોજગાર ઈચ્છુક પુરૂષ માટે ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ ક્વેસ કોર્પ લિમિટેડ (ટાટા મોટર્સ) સાંણદ માટે ખાલી જગ્યાને અનુરૂપ ધો.૧૨ પાસ / આઈ.ટી.આઈ ૦૨ વર્ષ ટ્રેડ તકનીકી લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી. આઈ કેમ્પસ) લાઠી રોડ, અમરેલી ખાતે ભરતીમેળો યોજાશે.

ભરતીમેળામાં આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે https://anubandham.gujarat.gov.in/account/singup લીંક પર નોંધણી કરવી. આ અંગે વધુ વિગતો માટે અમરેલી જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગયાનો આક્ષેપ

# અદાણી–મોદી ભાઈ ભાઈ, દેશની કમાણી અદાણીમાં સમાણીનાં સૂત્રોચ્ચાર સાથે મોટી સંખ્યામાં આગેવાનોની રેલી યોજાઈ

## પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજયપાલને આવેદનપત્ર પાઠવાયું



અમદાવાદ, તા. ૧૮

રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે, મોંઘવારી અને બેરોજગારીએ માઝા મુકી છે, રાજયમાં નકલીની ભરમાર ફાટી નીકળી છે, શિક્ષણ અને આરોગ્યની સ્થિતિ દિનપ્રતિદિન કથળતી જાય છે, રાજયના ખેડૂતો દિનપ્રતિદિન દેવાદાર બની રહ્યા છે, રાજયના નાગરીકોને પ્રશાસન જેવો કોઈ અહેસાસ થતો નથી માટે રાજયના નાગરીકોના હિતમાં કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિ મંડળ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષ પરમાર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર, પૂર્વ સાંસદ ડો. અમીબેન યાજ્ઞિક, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ સહિત ધારાસભ્યો અને આગેવાનો રાજયપાલને મળીને ભારત દેશને કલંકિત કરતી અમેરીકામાં અદાણી જુથ પરના છેતરપીંડી કેસ, મણીપુરની હિંસા અને ગુજરાતની જનતાને સીધા સ્પર્શતા મુદાઓ અંગે વિસ્તૃત આવેદનપત્ર આપ્યું હતું.

અદાણીને ગુજરાતના કચ્છ જિલ્લામાં મુંદ્રા અને માંડવી તાલુકામાં સરકારી પડતર જમીન રૂ. ૨/– થી રૂ. ૨૫/– ચો. મી. દિઠ પાણીથી પણ સસ્તા ભાવે અદાણી ગ્રુપને ૬,૧૪,૬૪,૧૮૬ ચો.મી. કરતાં વધારે જમીન આપવામાં આવી છે. રાજયમાં ગરીબ અને સામાન્ય વર્ગને ઘર બાંધવા માટે ૫૦–૧૦૦ વારના ઘરથાળના પ્લોટ લાંબા સમયથી સરકાર દ્વારા આપવામાં આવતા નથી તે આપવામાં આવે.

અદાણી હસ્તકના મુંદ્રા પોર્ટ/બંદર પરથી અંદાજે રૂ.૨૫,૦૦૦/– કરોડની કિંમતનું ડ્રગ્સ ભરેલું કંટેનર પકડાયેલ, તે બાબતે આજદિન સુધી નક્કર પગલાં લેવાયા હોય અને તેમાં સંડોવાયેલા આરોપીઓ સામે કોઈ કાર્યવાહી થઈ હોય તેવું સામે આવેલ નથી. અદાણીના મુંદ્રા બંદરેથી અગાઉ આટલી મોટી કિંમતના ડ્રગ્સના કેટલા કંટેનર કયાં પહોંચી ગયા તે બાબતે અને આવા કંટેનર મુંદ્રા બંદરે ઉતારવામાં અદાણીની સંડોવણી બાબતે પણ કોઈ કાર્યવાહી થઈ હોય તેવું સામે આવેલ નથી, જે ચિંતાનો વિષય છે.

અદાણી પાવર લિ. સાથે તા. ૬/૨/૨૦૦૭ તથા તા.૨/૨/૨૦૦૭ના રોજ બીડ–૧ અંતર્ગત રૂ.૨.૮૯ પ્રતિ યુનિટ અને બીડ–૨ અંતર્ગત રૂ.૨.૩૫ પ્રતિ યુનિટ લેખે ૨૫ વર્ષ માટે વીજ ખરીદી એગ્રીમેન્ટ થયેલા છે. તેમ છતાં માસિક રૂ.૮.૮૫ પ્રતિ યુનિટ લેખે ચુકવવામાં આવે છે. તે અન્વયે બે વર્ષમાં ફિકસ પેટે રૂ.૧,૯૧૯ કરોડ મળીને કુલ રૂ.૮,૧૬૦ કરોડ ચુકવવામાં આવ્યા છે. રાજય સરકાર અદાણીની પાવર કંપનીઓને ફાયદો થાય તે માટે રાજય સરકાર હસ્તકના પાવર પ્લાન્ટ પુરી ક્ષમતા સાથે કાર્યરત રાખવામાં આવતા નથી. રાજય સરકાર અદાણી પાસેથી મોંઘા ભાવે વીજ ખરીદી બંધ કરે અને રાજય સરકાર હસ્તકના સરકારી પાવર પ્લાન્ટ પુરી ક્ષમતા સાથે કાર્યરત રાખીને ગ્રાહકોને પરવડે તેવા ભાવે વીજ પુરવઠો પુરો પાડે.

કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગી છે, ખુલ્લે આમ દારૂ–જુગાર અને ડ્રગ્સના દૂષણના કારણે ગુજરાતનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે, હત્યા, લુંટ અને ચોરીના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ભુમાફીયાઓ માલ–મિલ્કત પડાવી રહ્યા છે, ખનન માફીયાઓ બેફામ ખનીજ ચોરી કરી રહ્યા છે. આરોપીઓને પોલીસનો ડર રહ્યો નથી. ગુજરાતમાં રોજ ૬ મહિલા–દિકરીઓ દુષ્કર્મનો ભોગ બની રહી છે. અસામાજિક તત્વો બેફામ પણે અનૈતિક પ્રવૃત્તીઓ કરી પ્રજામાં ડર–ભય ફેલાવી રહ્યા છે છતાં પોલીસતંત્ર–રાજય સરકાર નક્કર પગલા ભરતી નથી જેથી અસામાજિક તત્વો બેકાબુ બન્યા છે. દૂધના ટેન્કર ફરતા હોય તે`તક્રાંતિની ઓળખ સમા ગુજરાતમાં કરોડો લીટર દારૂ અને અબજો રૂપિયાની ડ્રગ્સ ઠલવાઈ રહી છે જેના લીધે ગુજરાતના હજારો યુવાનો નશાની આગમાં ધકેલાઈ રહ્યાં છે તે ચિંતાનો વિષય છે. ગાંધી–સરદારનું ગુજરાત ડ્રગ્સનું ગેટ–વે બની ગયું છે.

નામદાર સુપ્રીમ કોર્ટના આદેશો મુજબ રાજય સરકારોને સ્પષ્ટ કહેવામાં આવેલ કે રાજયમાં ઓબીસીની કેટલી વસતી યુનીટદિઠ છે તેની વસ્તી ગણતરી કરવામાં આવે અને એ મુજબ એને રાજકીય પ્રતિનિધિત્વ મળે તે માટેની જોગવાઈ કરવામાં આવે તેમ છતાં વર્ષો બાદ સમર્પિત આયોગની રચના રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ. રાજય સરકાર દ્વારા વસતીના ધોરણે બેઠકોની ફાળવણી ન થતાં ઓ.બી.સી. સમાજને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં બેઠક ફાળવણીમાં મોટો અન્યાય થઈ રહ્યો છે. ૭,૦૦૦ કરતા વધારે ગ્રામ પંચાયતો, ૨–જીલ્લા પંચાયત, ૧૭–તાલુકા પંચાયત અને ૭૫ કરતા વધારે નગરપાલિકામાં વહીવટદારોનું રાજ ચાલે છે. વારંવાર રજુઆતો કરવા છતાં રાજય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિંગ આયોગ નામદાર હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયધીશ કે. એસ. ઝવેરીના અધ્યક્ષ સ્થાને રચાયેલ આયોગનો રીપોર્ટ રિપોર્ટ તાત્કાલિક જાહેર કરવામાં આવે અને વહીવદારોનું રાજ દૂર થાય તે માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી તાત્કાલિક યોજવામાં આવે.

મુલસાણામાં પાંજરાપોળની જમીન કેભાંડ, સુરત–ડુમસ જમીન કૌભાંડ, કચ્છમાં ગૌચર જમીન કૌભાંડ, દાહોદ જમીનના નકલી એન.એ.ના કૌભાંડીઓએ કરોડોની જમીનો પડાવી પાડી તેમાં કડક પગલાં લઈ જમીન સરકાર કરવામાં આવતી નથી, આથી, આ તમામ જમીન સરકાર કરવામાં આવે અને તેમાં સંડોવાયેલા તમામ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.રાજયમાં નકલીઓની મૌસમ ચાલી રહી છે. PMO-CMOના અધિકારીઓ નકલી, નકલી ઈડી, નકલી IAS, નકલી કોર્ટ, નકલી સરકારી વકીલ, નકલી સરકારી કચેરીઓ, નકલી ટોલનાકા, નકલી પોલીસ, નકલી દવા–દારૂ, નકલી ડોકટરો, નકલી દસ્તાવેજોથી જમીનોના વેચાણ વગેરે કિસ્સાઓ સામે દિનપ્રતિદિન વધતાં જાય છે. પોન્જી સ્કીમોના નામે કરોડો રૂપિયાના કૌભાંડ થઈ રહ્યા છે તાજેતરમાં ૬૦૦૦ કરોડ કરતા વધુનું BZ સોલ્યુશનના નામે એકના ડબલ અને ત્રણ ગણા પૈસા કરી આપવાના કૌભાડમાં ભાજપ સરકારનો સીધો નાતો છે તેવા એક પછી એક વિગતો સામે પ્રસિધ્ધ થઈ રહી છે. બીજીબાજુ, હજારો નાના રોકાણકારો રાતા પાણીએ રોઈ રહ્યાં છે, તેમ છતાં પોલીસ દ્વારા હજુ સુધી આરોપીને પકડીને વરઘોડો કાઢવામાં આવ્યો નથી. પોંજી સ્કીમો અને વ્યાજ વસુલાત મોટાપાયે ખોટી રીતે થઈ રહ્યા છે. નકલીના કારણે નાગરીકોનો વિસ સરકારમાંથી ડગી રહ્યો છે. આવા તત્વોને તાત્કાલિક ડામવામાં આવે.

રાજયમાં અને દેશમાં મોંઘવારી અને બેરોજગારીમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં મોદી સરકારે મિત્રો માટે રૂ.૧૨.૩૦ લાખ કરોડની લોન માંડવાળ કરી દીધી છે બીજીબાજુ ગુજરાત સહિત દેશના ખેડૂતો સતત દેવાદાર થતા જાયછે. મોંઘા બિયારણ, વીજળી, દવા, ખાતર અને સિંચાઈના કારણે ખેડૂતો દેવું કરવા મજબુર બન્યા છે અને ગુજરાતના ખેડૂતોને પાક બચાવવા ખર્ચને પહોંચી વળવા માટે ત્રણ વર્ષમાં રૂ.૩.૬૪ લાખ કરોડની લોન લેવાની ફરજ પડી છે, આ લોનની રકમમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. રાજયમાં ખેડૂતોના દેવા માફ કરવામાં આવે.ગુજરાતમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળા–કોલેજોને બંધ કરીને ખાનગી શિક્ષણને આડેધડ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેના કારણે ગુજરાતમાં સામાન્ય અને મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણ મેળવવું મુશ્કેલ થતું જાય છે. લાખો રૂપિયાની ફી ભરીને ખાનગી શાળા–કોલેજોમાં પ્રવેશ લેવા મજબુર બનવું પડે છે, મોંઘું શિક્ષણ મેળવ્યા બાદ રોજગારની તકો મળતી નથી. સરકારી ભરતીમાં પેપર ફુટવા સહિતના મોટાપાયે ગેરરીતિ અને ગોલમાલના કિસ્સાઓ અનેકવાર સામે આવ્યા છે. સરકાર જાતે પોતાના મળતિયાઓને પાછળ બારણે ઘુસાડવા માટે આવા તત્વોને રાજકીય આશ્રય આપતી હોય તેવું સામે આવેલ છે. જેના લીધે ગુજરાતના લાખો યુવાન–યુવતીઓ રોજગારની તક છીનવાઈ રહી છે.

ગુજરાત સરકારના દરેક વિભાગમાં થઈ રહેલા બેફામ ભ્રષ્ટાચારના કારણે નાગરીકો ભોગ બની રહ્યા છે, જાતિના દાખલા, ખેડૂત માટે જરૂરી દાખલાઓ સહિત જમીન માપણી, સાયકલ કૌભાંડ, ખ્યાતિ હોસ્પિટલ કાંડ, ગરીબોના હક્કનો રાશનનો જથ્થો બારોબાર સગેવગે કરવો, સ્કોલરશીપ કૌભાંડ, આવાસ કૌભાંડ સહિત અનેક કૌભાંડો સરકારની ઓળખ બની ગઈ છે, ત્યારે આવા કૌભાંડોમાં ભીનું સંકેલવાના બદલે પરીણામલક્ષી પગલાં ભરાઈ તો નાગરીકોને રાહત થશે.કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિ મંડળમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષ પરમાર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર, પૂર્વ સાંસદ ડો. અમીબેન યાજ્ઞિક, ડો. પ્રભા તાવિયાડ, એ.આઈ.સી.સી.ના સંયુકત મંત્રી નિલેશ પટેલ, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ હિંમતસિંહ પટેલ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, કાંતિભાઈ ખરાડી, દિનેશભાઈ ઠાકોર, પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ નિશિત વ્યાસ, બિમલ શાહ, ભીખાભાઈ રબારી, મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ, ઓ.બી.સી. સેલના ચેરમેન રાજેશભાઈ ગોહિલ, એસ.સી. સેલના ચેરમેન હિતેન્દ્ર પીઠડીયા, પ્રવકતા ડો.અમિત નાયક, મહિલા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ગીતાબેન પટેલ, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, બળદેવભાઈ લુણી, શ્રીમતી ગીતાબેન પટેલ, રાજેન્દ્રસિંહ કુંપાવત, મહેસાણા જિલ્લા પ્રમુખ હસમુખભાઈ ચૌધરી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ ઠાકોર સહિતના આગેવાનો રજુઆત સમયે જોડાયા હતા.તમામ બાબતો અંગે રાજયના નાગરીકોના હિતમાં કડક પગલાં ભરવા સરકારને યોગ્ય આદેશ આપવા માટે કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિ મંડળે રાજયપાલ સમક્ષ વિનંતી કરી હતી.

# સાવરકુંડલામાં સેવાભાવીએ કામ ધંધો થોડીવાર બંધ કરીને રકતદાન કર્યુ

સાવરકુંડલા, તા. ૧૮

અમરેલી જિલ્લાની બ્લડ બેંકોમાં બ્લડની કમીને કારણે દર્દીઓને પારાવાર પરેશાની થઈ રહી છે ત્યારે સાવરકુંડલાના દર્દીને ઈમરજન્સી બી પોઝિટિવ બ્લડની જરૂરિયાત ઉભી થતાં માનવતાના પ્રહરી બનીને પોતાનો ધંધો બંધ કરીને મહાવીર કુરિયર વાળા યુસુફભાઈ ચૌહાણે બ્લડ ડોનેશન કરીને માનવ જિંદગી બચાવવાની ઉત્કૃષ્ટ કામગીરી કરી અમરેલીમાં મહાવીર કુરીઅર વાળા યુસુફભાઈ ચૌહાણે પોતાની દુકાન પર હતા ત્યારે અમરેલી સિવિલ હોસ્પિટલમાં સાવરકુંડલાના એક દર્દીને દાખલ કરવામાં આવેલ હતા ને ત્યારે માત્ર ૪ ટકા આસપાસનું બ્લડ હોવાથી તાકીદે ઈમરજન્સી શાંતાબા હોસ્પિટલમાં રહેલું બી પોઝિટિવ બ્લડ બે બોટલ ચડાવીને માનવ જિંદગી બચાવવા હોસ્પિટલના ઈન્ચાર્જ દિનેશભાઈ કાપડિયા સાથે ડોકટરો અને સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવીને દર્દીને નવું જીવતદાન આપ્યું હતું પણ દર્દીને શરીરમાં વધુ ઈમર્જન્સી બ્લડની જરૂર હતી અને તે પણ ઓછી માત્રામાં મળતું બી પોઝીટીવ બ્લડની જરૂર પડતા અભિયાન સેવા ટ્રસ્ટ ચલાવતા રફિકભાઈ ચૌહાણને જાણ થતા તાકીદે હોસ્પિટલે પહોંચીને દર્દીને સગાને મળીને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડોકટર ભરત કાનાબારને જાણ કરીને તાકીદે બી પોઝિટિવ બ્લડ મળી રહે તે માટે રેડક્રોસ સોસાયટી દ્વારા પણ બી પોઝિટિવ રકતદાતાઓને રકતદાન કરવાની અપીલ



કરવામાં આવી હતી ને રફિકભાઈ ચૌહાણની જહેમતબાદ અમરેલીમાં મહાવીર કુરીઅર ચલાવતા યુસુફભાઈ ચૌહાણને બોલાવવામાં આવ્યા હતા ને પોતાનો ધંધો રોજગાર મૂકીને યુસુફભાઈ ચૌહાણ તાત્કાલીક અને ઈમર્જન્સી બ્લડની જરૂર હોવાથી પોતાની ચાલુ ઓફિસમાં શટર પાડી બ્લડ ડોનેશન કરવા નીકળી ગયા હતા ને અભિયાન સેવા ટ્રસ્ટ સાથે જોડાયેલા યુસુફભાઈ ચૌહાણ ચોપન વર્ષની ઉંમરમાં અનેકવખત બ્લડ ડોનેશન કરેલ છે તે પણ કોઈપણ નાત જાત જોયા વિના માત્ર ને માત્ર માનવતા રાખી ડોનેશન કરે છે. સલામ છે આવા યોદ્ધાઓને જે લોકોના જીવ બચાવવા પોતાના ધંધા રોજગાર મુકીને પણ સેવા કરે છે ત્યારે યુસુફભાઈ ચૌહાણે પણ અપીલ કરી છે કે લોકો બ્લડ ડોનેશન કરવા આગળ આવે અને અમરેલીમાં રકદાતાઓ આગળ આવે અને વધુ વધુ રકતદાન કરી માનવ જિંદગી ઓ બચાવવામાં સહયોગી થાય તેવી વિનંતી કરી હતી.

### જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણી દ્વારા

# અમરેલી જિલ્લાનાં ૧૧ તાલુકામાં યુવક કોંગ્રેસનાં પ્રમુખની વરણી કરાઈ

## જિલ્લાનાં કોંગી આગેવાનો દ્વારા આવકાર



અમરેલી, તા. ૧૮

ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસામાની સૂચનાથી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદિપ ધાનાણી દ્વારા અમરેલી જિલ્લા માં યુવક કોંગ્રેસ ને વધુમાં વધુ મજબૂત બનાવી છેવાડાના માનવીના પ્રશ્નો ને વાચા આપવા માટે *અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાના પ્રમુખની નિમણુંક કરવામાં આવી જેમાં અમરેલી તાલુકા પ્રમુખ તરિકે આશિષભાઈ જેબલિયા, કુંકાવાવ તાલુકા પ્રમુખ તરીકે નિશાંત આંબલીયા, સાવરકુંડલા તાલુકાના પ્રમુખ તરીકે નિર્મળ જયાબેન વાટલિયા, લીલીયાના પ્રમુખ તરીકે વિજયભાઈ કોગથીયા, રાજુલા તાલુકાના પ્રમુખ તરિક વિજયભાઈ પરમાર, જાફરાબાદ તાલુકાના પ્રમુખ યુવરાજભાઈ વરૂ, ધારી તાલુકાના ના પ્રમુખ તરીકે કલ્પેશભાઈ ચાવડા, ખાંભા તાલુકાના પ્રમુખ મનોજભાઈ સેંજલિયા, બગસરા તાલુકાના પ્રમુખ તરીકે ગોપાલભાઈ સતાસિયા, લાઠી તાલુકાના પ્રમુખ *જીગ્નેશભાઈ તળાવીયા* બાબરા તાલુકાના ના પ્રમુખ તરિકે *વિજયભાઈ જાપડિયાની નિમણુંક કરવામાં આવી.













## સ્થાનિકોને ભૂગર્ભ ગટર ક્યાંય નજરે ચડતી નથી

# લ્યો બોલો : અમરેલીમાં બંસીધર સહિતની સોસાયટીમાં ભૂગર્ભ ગટરની સુવિધા આપ્યા વગર વેરાની ઉઘરાણી

### જે કર્મચારીએ વેરાની આકારણી કરી તેની સામે કાર્યવાહીની માંગ

અમરેલી, તા. ૧૮

અમરેલી પાલિકા તેમના અવનવા કારનામાઓ અને નિષ્ફળતા અંગેઅવારનવારવિવાદમાંઆવતીહોય છે અને આજે વધુ એક વિવાદ પ્રકાશમાં આવ્યો છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં લીલીયા રોડ ઉપર આવેલ બંસીધર સોસાયટી, દુધાતની વાડી, સોજીત્રાની વાડી સહિતનાં વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સુવિધા નથી છતાં

**અનુસંધાન પાના ૬ ઉપર**




## માનસિક તણાવમાં પગલું ભર્યુ

# લાઠીનાં ઈંગોરાળા ગામે રહેતી તરૂણીએ ગળાફાંસો ખાઈ લીધો

### નાના એવા ગામમાં શોકનો માહોલ

અમરેલી, તા. ૧૮, લાઠી તાલુકાના ઈંગોરાળા ગામે રહેતી રાધિકાબેન ગોબરભાઈ જોગરાણા નામની ૧૭વર્ષિય તરૂણીના મામા સુરત મુકામે રહેતા હોય અને તરૂણીના નાની મરણ ગયેલ હોય. જેથી રંઘોળા ગામે મામાના ઘરે ક્યાં જવું? એ બાબતે માનસિક તણાવમાં રહેતા હોય અને આ બાબતે ઘરે અવાર–નવાર વાતો કરતા હોય. તરૂણીને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે પોતાના ઘરે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)